RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 87* Date: 16.01.2023, Monday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇશાહના હસ્તે ગાંધીનગર તાલુકાના નવગામોમાં રૂપિયા ૪૯કરોડથી વધુના વિકાસ કામોનું લોકાર્પણ- ખાત મુહૂર્ત મોટી આદરજ ગામથી કરાયું









**ગુજરાતની જનતાએ જે વિશ્વાસ મુક્યોછે, તેના કારણે જવાબદારી બેવડાઇ છે..... કેન્દ્રીયગૃહ અનેસહકાર મંત્રીશ્રી અમિતભાઇ શાહ**

**કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઇ શાહ :**

- **વિકાસના કામોમાં કોઇ કચાશ રહે નહીં તેવી વ્યવસ્થા ગોઠવી છે.**
- **સારવારના અભાવે કોઇ વ્યક્તિને સહન કરવું નહી પડે :**
- **ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં ૯૨ ટકા લાભાર્થીને આયુષ્યમાન કાર્ડની સુવિધા હેઠળ આવરી લેવાયા**
- **પ્લાસ્ટિક મુકત ગુજરાત માટે લોકોને સહયોગી બનવા કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીની અપીલ**

---

**ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં રૂપિયા ૭૫૦કરોડના આરોગ્યલક્ષી**
**વિકાસના કામો ચાલી રહ્યા છે... આરોગ્યમંત્રીશ્રીઋષિકેશ પટેલ**

ગાંધીનગર : રવિવાર

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી તેમજ ગાંધીનગરના સાંસદ શ્રી અમિતભાઇ શાહે ગાંધીનગર જિલ્લાના મોટી આદરજ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરનું ભૂમિપૂજન કર્યું હતું. તેમણે ગાર્બેજ કલેકશન વાનને લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. કેન્દ્રીય મંત્રીશ્રીએ આ અવસરે અનેક વિધ વિકાસ કામોના ઇ લોકાર્પણ અને ઇ- ખાતમુહૂર્ત કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતની જનતાએ જે વિશ્વાસ મુક્યો છે, તેના કારણે પ્રજાના પ્રતિનિધિઓની જવાબદારી બેવડાઇ છે.

તેમણે જણાવ્યું હતું કે, વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પક્ષને જંગી બહુમતીથી જીતાડીને ગુજરાતે કાશ્મીરથી કન્યાકુમારી સુધી સંદેશો પહોંચાડયો છે કે આગામી લોકસભાની ચૂંટણીમાં પણ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં આવી જ ઝળહળતી સફળતા મળવાની છે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રીશ્રીએ ઉત્તરાયણના પાવનપર્વે શુભેચ્છા પાઠવી હતી. અને સેના દિવસ નિમિત્તે દેશની રક્ષાકાજે સર્વોચ્ચ બલિદાન આપનાર વીર શહીદ જવાનોને શ્રધ્ધાસુમન પાઠવ્યા હતા. કેન્દ્રીય મંત્રીશ્રીએ ગાંધીનગર જિલ્લાના મોટી આદરજ ખાતે કુલ- ૪૮ કરોડથી વધુ રૂપિયા ૫૧ વિકાસ કામોના ખાતમુહૂર્ત- લોકાર્પણ કરતાં જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શનમાં અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વની સરકારમાં વિકાસ કામોમાં કોઇ કચાશ રહે નહી, તેવી વ્યવસ્થા ગોઠવી છે.

તેમણે જણાવ્યું હતું કે, સારવારના અભાવે કોઇ વ્યક્તિને સહન કરવું નહીં પડે. ગાંધીનગર સંસદીય મત વિસ્તારના ૯૨ ટકા લાભાર્થીને આયુષ્માન કાર્ડની સુવિધા હેઠળ આવરી લેવાયા છે.

પ્રજાના પ્રતિનિધિ તરીકે વિકાસ કાર્યોનું સરવૈયું આપતા ગાંધીનગરના સાંસદ અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઇ શાહે જણાવ્યું હતું કે, સંસદીય મત ક્ષેત્રમાં અત્યાર સુધીમાં અંદાજે ૧૩ હજાર કરોડના ૧૬,૫૦૦ થી વધુ વિકાસ કામો હાથ ધરાયા છે.

કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ સ્વચ્છતાને આરોગ્ય રક્ષાની પ્રાથમિક શરત ગણાવી લોકોને સ્વચ્છતા માટે સહયોગી બનવા અને સીંગલ યુઝ પ્લાસ્ટિકને તિલાંજલિ આપવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ગાંધીનગર સંસદીય મત વિસ્તારને પ્લાસ્ટિક મુક્ત કરવાના આજથી શ્રી ગણેશ થઇ રહ્યા છે, ત્યારે લોકોની સહભાગીતા સૌથી મહત્વની બની રહેશે.આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલે જણાવ્યું હતું કે, ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં રૂપિયા ૭૫૦ કરોડના આરોગ્યલક્ષી વિકાસના કામો ચાલી રહ્યા છે. ગાંધીનગર સિવીલ હોસ્પિટલને આધુનિક કક્ષાની બનાવવામાં આવનાર છે.

તેની સાથે આજે મોટી આદરજ ગામનું પી.એચ.સી. સેન્ટર રૂપિયા ૧ કરોડથી વધુના ખર્ચે નવીનકરણ કરવામાં આવશે. જેમાં તમામ આરોગ્યલક્ષી સુવિધા સરળતાથી આસપાસના ગ્રામજનોને મળી રહેશે.

તેમણે આનંદ વ્યક્ત કરીને ઉમેર્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા જે નાગરિકો આયુષ્યમાન ભારત કાર્ડ ધરાવે છે, તેમનું આરોગ્ય કવચ રૂપિયા ૧૦ લાખ કરવામાંઆવે તે માટેનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

હાલના સમયમાં ગુજરાતમાં આરોગ્ય ક્ષેત્રે એમ.બી.બી.એસ.ના ડૉક્ટરોની ભરતી ૯૫ ટકા ભરતી કરી દેવામાં આવી છે.

નજીકના સમયમાં સુપર સ્પેશ્યાલિસ્ટ તબીબોની ભરતી પણ કરવામાં આવશે.

તેમણે મોટી આદરજ ગામથી ગાંધીનગર સંસદીય મતવિસ્તારને પ્લાસ્ટિક મુક્ત બનાવવાના શરૂ થયેલા અભિયાન બદલે સૌ ગ્રામજનોને અભિનંદન આપી ગામને પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે ગ્રામજનોને પ્લાસ્ટિકવાળો કચરો અલગ રાખવા અપીલ કરી હતી. સર્વે નાગરિકોનો આભાર વ્યક્ત કરીને ગાંધીનગર(ઉત્તર)ના ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલે જણાવ્યું હતું કે, ગાંધીનગર(ઉ)ની બેઠકમાં આજે માત્ર એક દિવસમાં ૪૮ કરોડથી વધુના વિકાસ કામોની ભેટ મળી રહી છે.

મોટી આદરજ ગામમાં ખાસ ઝુંબેશ કરીને તમામ પરિવારને આયુષ્યમાન કાર્ડ આપવામાં આવ્યું છે. તેની સાથે વિધવા સહાય અને એક હજાર વ્યક્તિને પ્રધાનમંત્રી વીમા યોજનાથી સુરક્ષિત કરવામાં આવ્યા છે.

આ પ્રકારની ઝુંબેશ આગામી સમયે તમામ ગામેગામ ચલાવવામાં આવશે, તેવું પણ ઉમેર્યું હતું.

કેન્દ્રીય ગૃહ- સહકાર મંત્રી શ્રી અમિત શાહના હસ્તે ગાંધીનગર જિલ્લામાં રૂપિયા ૪૫ કરોડથી વધુના ૩૩ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. રૂપિયા ૩ કરોડથી વધુના ૧૮ કામોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું..

આમ રૂપિયા ૪૮ કરોડથી વધુના ૫૧ વિકાસ કામોનો લોકાર્પણ- શુભારંભ કરવામાં આવ્યો હતો. ગાંધીનગર તાલુકાના રૂપાલ ગામ ખાતે રૂપિયા ૧૭ કરોડથી વધુના ખર્ચે, સોનીપુર ગામ ખાતે રૂપિયા ૪ કરોડથી વધુના ખર્ચે, સરઢવ ગામે રૂપિયા ૧૧.૪૧ કરોડના ખર્ચે અને પીપળજ ગામ ખાતે ૧૦ કરોડથી વધુના ખર્ચે સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. વાવોલ, સોનીપુર, સરઢવ, પીપળજ, મોટી આદરજ, પીંડારડા, વાસન, જલુંદઅને ઉનાવા ગામ ખાતે બગીચાનું કામ, શેડ, પ્રવાહી કચરાના નિકાલ વ્યવસ્થાપન, સામુહિક કંમ્પોષ્ટ, પ્રોટેકશન વોલ, પાણીની પાઇપ લાઇન, પેવર બ્લોક, ગટરલાઇનઅને સી.સી.રોડના વિવિધ કામોનું લોકોર્પણ – ખાતુમુહૂર્ત કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી પ્રવિણા ડી.કે.એ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને આજના દિવસમાં થનાર વિવિધ વિકાસ કામોની ટુંકી રૂપ રેખા રજૂ કરી હતી.

આ પ્રસંગે ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી અલ્પેશ ઠાકોર, દહેગામના ધારાસભ્ય શ્રી બલરાજસિંહ ચૌહાણ, માણસાના ધારાસભ્ય શ્રી જે. એસ. પટેલ, ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી દિલીપભાઇ પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી હિતેષ મકવાણા, ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી અનિલભાઇ પટેલ, પ્રદેશ મહામંત્રી શ્રી પ્રદિપસિંહ વાઘેલા, શહેર ભાજપ પ્રમુખ શ્રી રૂચિર ભટ્ટ, પૂર્વ ધારાસભ્ય શ્રી અશોકભાઇ પટેલ અને વાડીભાઇ પટેલ,નવ ગામના સરપંચશ્રીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## જોશીમઠ જ નહીં, અમદાવાદ પણ જમીનમાં ખૂંપી રહ્યું છે





અમદાવાદ ,

ઉત્તરાખંડના જોશીમઠ પર સંકટના વાદળો છવાયા છે. જોશીમઠનું અસ્તિત્વ રહેશે કે નહીં તે પણ સવાલ દરેકના મનમાં થાય છે. જોશીમઠના અસ્તિત્વની ચર્ચા વચ્ચu ISROના એક રિપોર્ટથી ગુજરાતના લોકોનો જીવ જાણે તાળવે ચોંટ્યો છે. શું છે ઈસરોના એ રિપોર્ટમાં તે જાણીએ...

ગુજરાતની આર્થિક રાજધાની અમદાવાદ પણ જોશીમઠની જેમ જમીનમાં ખૂંપી રહ્યું છે અને દર વર્ષે તે જમીનમાં અંદર તરફ ઉતરી રહ્યું છે. ISRO સ્પેસ એપ્લિકેશન સેન્ટરના અભ્યાસે ચોંકાવનારો રિપોર્ટ બહાર પાડ્યો છે, જેમાં અમદાવાદ સહિત ગુજરાતના ઘણા વિસ્તારો દર વર્ષે કેટલાય સેન્ટિમીટર ખૂંપી રહ્યા હોવાની માહિતી આપવામાં આવી છે. અમદાવાદ દર વર્ષે એકથી અઢી સેન્ટિમીટર જમીનમાં ધસી રહ્યુ છે. ઈન્સ્ટિટયૂટ ઓફ સિસ્મોલોજી રિસર્ચના વૈજ્ઞાનિક રાકેશ ધુમકાના અભ્યાસ મુજબ અમદાવાદ દર વર્ષે ૧૨થી ૨૫ મીમી એટલે કે ૧.૨૫થી ૨.૫ સેમી જેટલું અંદર ઉતરી રહ્યું છે.

ભૂગર્ભજળ ઝડપથી ખેંચાય છે એટલે શહેર જમીનમાં ધસે છે

દરિયાઈ ધોવાણ અને ભૂગર્ભજળના વધુ પડતા ઉપયોગને કારણે ગુજરાતના શહેરો ડૂબી રહ્યા છે. ISRO સ્પેસ એપ્લીકેશન સેન્ટરના વૈજ્ઞાનિક રતેશ રામક્રિષ્નન અને તેમના સાથીઓએ મળીને આ સંશોધનનો રિપોર્ટ તૈયાર કર્યો છે. જેનું નામ 'Shoreline Change Atlas of the Indian Coast- Gujarat- Diu & Daman' છે. જેમાં ગુજરાતનો ૧૦૫૨ કિલોમીટર લાંબો દરિયાકિનારો સ્થિર હોવાનું જણાવવામાં આવ્યું છે. ૧૧૦ કિલોમીટરના દરિયાકિનારાનું ધોવાણ થતું હોવાનું સામે આવ્યું છે. એમાં પણ ૪૯ કિલોમીટરના દરિકાંઠા પર ધસવાની પ્રક્રિયા ખૂબ જ ઝડપ થઈ રહી છે.

મહાનગર જમીનમાં ઊંડે તરફ ધસી રહ્યું છે તેનું કારણ છે ભૂગર્ભ જળને ઝડપથી ખેંચવાનું કામ. એટલે જ ભૂગર્ભ જળના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવો જોઈએ. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે તેની પાછળ સમુદ્રનું વધતું સ્તર અને જળવાયુ પરિવર્તન મુખ્ય કારણો છે. ગુજરાતમાં ૨૦૮ હેક્ટર જમીનમાં વધારો થયો છે. પરંતુ દરિયાઈ ધોવાણને કારણે ગુજરાતે તેની ૩૧૩ હેક્ટર જમીન ગુમાવી છે.ગુજરાતના ભૌગોલિક ઈતિહાસની એક સ્ટડી કરવામાં આવી હતી. તેમાં ગુજરાતના ૪૨ વર્ષના ભૌગોલિક ઈતિહાસનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. તેમાં જણાવવામાં આવ્યું છે કે, કચ્છ જિલ્લામાં સૌથી વધુ દરિયાઈ ધોવાણ થયું છે. સૌથી વધુ એટલે કે ૪૫.૯ ટકા જમીનનું ધોવાણ થયું છે. જેથી ગુજરાતને ચાર રિસ્ક ઝોનમાં વિભાજિત કરવામાં આવ્યું છે. દરિયાકાંઠાનો ૭૮૫ કિમી વિસ્તાર ઉચ્ચ જોખમવાળા ક્ષેત્રમાં અને ૯૩૪ કિમી વિસ્તાર ઓછા જોખમની શ્રેણીમાં છે. આ વિસ્તારો એવા છે જ્યાં દરિયાનું પાણીનું સ્તર ઝડપથી વધી રહ્યું છે.

સંશોધન મુજબ ગુજરાતના જિલ્લાઓમાંથી ૧૦ જિલ્લામાં ધોવાણ થઈ રહ્યું છે. મોટાભાગે કચ્છ, જામનગર, ભરૂચ અને વલસાડમાં જોવા મળ્યું છે. તેનું કારણ એ છે કે ખંભાતના અખાતની દરિયાઈ સપાટીના તાપમાનમાં ૧.૫૦ ડિગ્રી સેલ્સિયસનો વધારો થયો છે. સૌરાષ્ટ્રના દરિયાકાંઠે ૧ ડિગ્રી અને કચ્છના અખાતમાં ૦.૭૫ ડિગ્રી સેલ્સિયસ તાપમાનનો પારો વધ્યો છે. તાપમાનમાં આટલો વધારો છેલ્લા ૧૬૦ વર્ષમાં થયો છે.

૧૯૬૯માં અમદાવાદ જિલ્લાના માંડવીપુરા ગામના ૮૦૦૦ ગ્રામીણો અને ભાવનગર જિલ્લાના ગુંદલા ગામના ૮૦૦ લોકોને સ્થળાંતર કરવું પડ્યું હતું. કારણકે તેમની ખેતીની જમીન અને ગામનો હિસ્સો સમુદ્રમાં ડૂબી ગયો હતો.

વલસાડ અને નવસારી જિલ્લો દરિયા કિનારે આવેલો છે. દરિયા કિનારે વસેલા ગામના લોકો ચિંતિત છે. સ્થાનિક લોકોના મતે જો દરિયાનું પાણી વધશે તો હજારો લોકોના જીવ જોખમમાં મુકાશે. તેથી સરકારે આ અંગે વિચારવું જોઈએ. તમને જણાવી દઈએ કે તાજેતરમાં જોશીમઠમાં ભૂસ્ખલનને કારણે સેંકડો પરિવારો વિસ્થાપિત થયા છે.

માત્ર ૭૯ વર્ષ, એટલે કે ઈ.સ. ૨૧૦૦માં ભારતનાં ૧૨ દરિયાકિનારાનાં શહેરો ૩ ફૂટ પાણીમાં ગરકાવ થઈ જવાની શક્યતા છે, કારણ કે સતત વધતી ગરમીને કારણે ધ્રુવ પર જમા થયેલો બરફ ઓગળી રહ્યો છે. બે દશકામાં જ દુનિયાનું તાપમાન ૧.૫ ડીગ્રી સેલ્સિયસ વધી જશે. પરિણામે, દરિયાનો જળસ્તર વધી રહ્યો છે. દેશના સૌથી લાંબો દરિયાકિનારો ધરાવતા ગુજરાતનાં ત્રણ શહેરો આ યાદીમાં છે, જેમાં ઓખા, કંડલા અને ભાવનગરનો સમાવેશ થાય છે. આ રિપોર્ટ NASAના સી લેવલ પ્રોજેકશન ટૂલ દ્વારા આપવામાં આવ્યો છે.

## દોરીથી ગળું કપાતાં રોડ પર લોહીની નદી વહી

કલોલ

ઉત્તરાયણના દિવસે લોકો ભારે ઉત્સાહ સાથે પતંગ ચગાવે છે. અને પોતાના પરિવાર સાથે ઉત્તરાયણ પર્વની મજા માણતા હોય છે, પરંતુ ક્યારેક તહેવારની ખુશી માતમમાં ફેરવાઈ જાય છે. જ્યાં ગળામાં દોરી ફસાંઈ જવાથી ઘણા લોકોને પોતાનો જીવ ગુમાવવો પડે છે. આવો જ એક કિસ્સો કલોલમાં બન્યો છે. જ્યાં પતંગની ઘાતક દોરીના કારણે એક ઘરનો ચિરાગ બુઝાયો છે. જ્યાં યુવક એમ જ પોતાનું બાઈક લઈને બહાર નીકળ્યો હતો. આ દરમિયાન ગળાના ભાગે દોરી ભરાઈ જતાં ગળાની નસ કપાઈ ગઈ હતી. આ બનાવમાં યુવાનનું રોડ પર જ કમકમાટી ભર્યુ મોત નીપજ્યું હતુ.કલોલ હાઈવે પાસે આવેલા અંબિકા બસ સ્ટેન્ડ પાસે બ્રિજ ઉપર છત્રાલના એક યુવકનું દોરીથી ગળું કપાવવાથી સ્થળ ઉપર જ કમકમાટી ભરી મૃત્યુ હતુ. મળતી વિગતો અનુસાર છત્રાલમાં ગરમી ચોકમાં રહેતો અશ્વિન મહેન્દ્રભાઈ ગઢવી જેની ઉંમર અંદાજ ૩૬ વર્ષ આસપાસ હતી. તે ઘરેથી એમ જ ફરવા માટે નીકળ્યો હતો તે સમય દરમિયાન કલોલ હાઈવે પાસે તેનું દોરીથી ગળું કપાવવાથી કમકમાટી ભર્યું મૃત્યુ સ્થળ ઉપર થઈ ગયું હતુ.છત્રાલ ગામના ગઢવી પરિવારમાં એકનો એક દીકરો અશ્વિન મહેન્દ્રભાઈ ગઢવી ઘરેથી બાઈક લઈને ફરવા નીકળ્યો હતો. અશ્વિન મહેન્દ્રભાઈ ગઢવી છત્રાલ સ્થિત એરેક્સ કંપનીમાં નોકરી કરી પોતાનું ગુજરાન ચલાવતો હતો. અશ્વિન મહેન્દ્રભાઈ ગઢવી પરિવારમાં દીકરો એકને એક હતો અને એક બહેન પણ હતી. અશ્વિન મહેન્દ્રભાઈ ગઢવીના લગ્ન પણ થઈ ગયા હતા તેને ચાર વર્ષનું એક બાળક પણ હતુ. જે બાળકે આજે પિતાની છત્રછાયા ગુમાવી દીધી. છત્રાલ સ્થિત ગરબીચોકમાં પરિવારમાં તહેવારના દિવસે માતમના દશ્યો સર્જાયા હતા. પરિવારમાં રહેલી મહિલાઓના રો કકડના આવાજથી માતમ છવાઈ ગયું હતું.કુવાવા ગામના વતની જેઓ વર્ષોથી છત્રાલ સ્થિત થઈ ગયા હતા. અત્યારે હાલ પરિવાર તેમજ કંપનીના સાથી મિત્રો તેમજ પોલીસ કલોલ સિવિલ પોસ્ટમોર્ટમ રૂમની આગળ ભેગા થઈ ગયા. વધુમાં મિત્રોએ જણાવ્યું હતું કે, ઘરેથી અશ્વિન બસ એમ જ ફરવા નીકળ્યો હતો અને અશ્વિનને આવી રીતે અવારનવાર બાઈક લઈને ફરવાનો શોખ હતો. જેથી તે અવારનવાર આવી રીતે નીકળતો હતો. પણ આજે અશ્વિન ઘરેથી નીકળશે તો પાછો નહીં આવે એવો ખ્યાલ અમને ન હતો.

## તંત્રી સ્થાનેથી...

# વંચિત મધ્યમવર્ગ

આ દેશમાં મધ્યમ વર્ગની સિરિયલ ચાલે છે, ફિલ્મો ચાલે છે, પુસ્તકો પણ ચાલે છે, પણ મધ્યમ વર્ગની પીડા સાંભળનાર અને પીડા સાંભળીને તેને ઉકેલનાર કોઈ નથી. કારણકે મધ્યમ વર્ગની કોઈ મત બેંક જ નથી. અને આગવી મત બેંક નથી માટે, કોઈ પક્ષને તેની પડી નથી. આથી જ આજે રાષ્ટ્રપતિના અભિભાષણમાં પણ અછડતો કહી શકાય તેવો તેનો ઉલ્લેખ કરાયો છે. આના પરથી જ અંદાજ આવે છે કે પહેલી ફેબ્રુઆરીએ રજૂ થનારા બજેટમાં મધ્યમ વર્ગને ઘરનાં છોકરામાં ગણાઈને ઘંટી જ ચાટવાની આવશે.મધ્યમ વર્ગને ઉંઠા ભણાવવા પણ આસાન છે. સર્વિસ ટૅક્સ કે કોઈ પણ વેરાથી તમારા જીવનની ગુણવત્તા સુધરશે, સારી સવલતો મળશે, સારા રોડ મળશે તેવી દલીલો પણ થાય છે. જમીન સંપાદનના ખરડા પાછળ પણ આવી જ દલીલો કરાઈ હતી. પરંતુ તેના માટે તો સરકાર પાછા અલગ રીતે વેરા તો લે જ છે. જેમકે મ્યુનિસિપાલિટી પાણી વેરો લે છે. વાહન ખરીદતી વખતે રોડ ટેક્સ લેવાય છે. તે ઉપરાંત હવે જે રસ્તાઓ બને છે તે પીપીપી મોડલના આધારે બનતા હોય છે. અને તેમાં તમે ઠેકઠેકાણે ટોલ ટૅક્સ બૂથ તો ઊભા કરી જ દીધા અને તેમાંય સતત વધારો જ થતો રહે છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ તળિયે જાય ત્યારે પેટ્રોલ ડીઝલના ભાવની એક્સાઈઝ ડ્યૂટી વધારી દેવામાં આવે છે. આ તમામની સીધી અસર મધ્યમ વર્ગને અનુભવાય છે.ખરેખર તો મધ્યમ વર્ગની કોઈને પડી નથી, કારણકે તે કોઈ પણ પક્ષ માટે ગેરંટેડ વોટર નથી. કૉંગ્રેસની સરકાર માટે તો ગરીબ, દલિત અને લઘુમતી કમિટેડ વોટર હતા. પણ ભાજપ માટે વર્ષોથી મધ્યમ વર્ગ પ્રતિબદ્ધ મતદાર રહ્યો હતો. છતાં ગઈ વખતે બજેટ પછી અરૂણ જેટલીએ સોઈ જાટકીને કહી દીધું હતું કે મધ્યમ વર્ગ ખુદ પોતાની ચિંતા કરે. એમની આ વાત પર વિવાદ વધ્યો એટલે સૌરાષ્ટ્રની ભાષામાં કહીએ તો પછી ટાઢા ઢોળવા માંડ્યા હતાં, પરંતુ આ વાત પરથી નિયત તો ઉઘાડી પડી જ ગઈ હતી. ટૂંકમાં બે વાત સ્પષ્ટ છે.

પહેલી વાત એ કે બહુમતીથી ચૂંટાયા હોવાથી પાંચ વર્ષ સુધી હવે ભાજપને મધ્યમ વર્ગ તરફ જોવાની જરૂર નથી. બીજી વાત એ કે હવે ભાજપ એ કળા સિદ્ધ કરી ચુક્યો છે કે આ મધ્યમ વર્ગના મત હિન્દુત્વ અને વિકાસના નામે મેળવી લેવાય છે, એટલે તેમને ‘દેશના વિકાસ’ના બહાને બજેટમાં છૂટ આપશે નહીં તોય ચાલશે.

એટલે જ તો અરુણ જેટલીએ શબ્દો ચોર્યા વગર સ્પષ્ટ રીતે કહી દીધું હતું કે મધ્યમ વર્ગે તેની કાળજી પોતે રાખવી પડશે.કાળા નાણાં ધરાવનારા અને કરચોરો સરકારના ડર વિના ખૂલ્લે આમ ફરી રહ્યા છે ને બીજી તરફ નાનો અને મધ્યમ વર્ગ મરણમૂડીના વ્યાજમાંથી ગુજરાન ચલાવે છે. તેના પર પણ સરકારે કોરડા વિંઝવાનું શરુ કર્યું છે. હવે તો પીપીએફ, કિસાન વિકાસપત્રો, રાષ્ટ્રીય બચતપત્રો, સીનીયર સિટીઝન સેવિંગ્સ સ્કીમ અને સુકન્યા સમૃધ્ધિ યોજનાના વ્યાજદરમાં પણ દર ત્રણ મહીને સમીક્ષાના બહાને વ્યાજ દર ઘટાડવાની શરૂઆત કરી દીધી છે. સરકારના આ પગલાંથી મોટેભાગે નાનો વર્ગ અને પેન્શનર કે બાંધી આવક પર જીવી રહ્યા હોય તેવા લોકોને વ્યાપક અસર થઈ રહી છે.આશા છે કે સરકાર આ જખ્મો પર મીઠુ ભભરાવવાને બદલે કોઈ રાહતનો મલમ લગાવે.

## પ્રજાસત્તાક દિનની ગાંધીનગર જિલ્લા કક્ષાની ઉજવણી માણસા ખાતે કરાશે

ગાંધીનગરઃ શુક્રવારઃ

ગાંધીનગર જિલ્લામાં તા. ૨૬ જાન્યુઆરી, પ્રજાસત્તાક પર્વની જિલ્લા કક્ષાની ઉજવણી માણસખાતે યોજાશે.પ્રજાસત્તાક પર્વની ઉજવણીના સુચારું આયોજન અર્થે ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી પ્રવિણા ડી.કે.ના અધ્યક્ષ સ્થાને આજરોજ જિલ્લાના અધિકારીઓની બેઠક મળી હતી.

આ બેઠકમાં જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી માણસા ખાતે કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપર્વ પ્રજાસત્તાક દિનની ઉજવણી દરમ્યાનકોવિડ- ૧૯ની એસ.ઓ.પી.ના માર્ગદર્શનનું સંપૂર્ણ પાલન થાય તે રીતે મહાનુભાવો અને અન્યની સુચારું બેઠક વ્યવસ્થા કરવાનું કલેકટરશ્રીએ સંબંધિત અધિકારીને સૂચના આપી હતી. તેમજ આ કાર્યક્રમના સ્થળે પાર્કિંગ વ્યવસ્થા, પીવાના પાણીની સુવિધા, સુશોભનજેવી વિવિધ બાબતોની સમીક્ષા કરવામાં આવી હતી. રાષ્ટ્રીયપર્વની ઉજવણી નિમિત્તે પોલીસજવાનો અને હોમગાર્ડનાજવાનદ્વારા પરેડરજૂકરવામાં આવશે. તેનીસાથેસાથે વિવિધક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કર નારકર્મયોગીઓનું સન્માન કરવામાં આવશે.જિલ્લાની વિવિધ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. જિલ્લાની વિવિધ કચેરીઓ દ્વારા પોતાના ટેબ્લોઝ પણ રજૂ કરવામાં આવશે.

પ્રજાસત્તાક પર્વના સુચારું આયોજન માટે મળેલી બેઠકમાં નિવાસી અધિક કલેકટર શ્રી ભરત જોષી,કલોલ પ્રાંત અધિકારી શ્રી કિષ્નાબા વાઘેલા, ડી.વાય.એસ.પી. શ્રી અમીબને પટેલસહિત સંબંધિત અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શક્ય નથી  
ઘોડેસવાર રાજકુમાર આવે ,  
એ હવે સ્વપ્નમાં શકય નથી.  
તારા દિલમાં કોણ છે જાણવા,  
એ હવે ઉત્ખનન શકય નથી!!  
તારા શહેરની હવા બદનામ છે,  
એ હવે સ્ખલન શક્ય નથી.  
પતંગિયાની જેમ ઉડાઉડ કરે,  
એનું હવે હનન શક્ય નથી.  
સખી ઉડી ગઈ પરદેશ મધ્યે,  
હવે કોઈ સંવનન શક્ય નથી.  
એકાંત હવે કયાં મૂક રહ્યું છે?  
એ હવે શ્વસન શક્ય નથી!!  
ભરત વૈષ્ણવ  
૧૫.૧.૨૦૨૨.#કાવ્ય

# પઠાણ ફિલ્મનો વિવાદ ઉકેલવા ભરતબાણ ઇલાજ !!

ફિલ્મ અને વિવાદ એક સિક્કાની બે બાજુ છે. જે કામ ફિલ્મોનું કરોડાના ખર્ચે કરવામાં આવતું બ્રાંડિંગ, પ્રમોશન ન કરી શકે એ કામ તદન મફત( સ્વ. મફતભાઇ ઓઝા આપણા સાહિત્યકાર હતા. તેમના પુત્રનું નામ તદન રાખેલ. પુત્રનું નામ તદન મફતભાઈ ઓઝા બોલાય! આવું નામ કયા કારણે પાડેલું તેની જાણકારી નથી. શક્ય છે કે મફતભાઈને પુત્રરત્ન કાણી પાઈનો ખર્ચ કર્યા વિના અનાયાસ અને અનાયામ પ્રાપ્ત થયા હોય! તમારે તમારી જાતને સમ્રાટ બનાવવી હોય તો તમારા પુત્રનું નામ બદલી સમ્રાટ કે ચક્રવર્તી રાખો એટલે સમ્રાટ ભરત વૈષ્ણવ બની શકો. પછી ભલે તમારે રજવાડું ન હોય કે ઈવન વાટકી ગામનું શિરામણ પણ હોય નહીં.!!!!) માં વિવાદથી કામ બની શકે છે.લોકોને સંવાદ કરતા વિવાદ ગમે છે. વાદ કરતાં વિખવાદ ગમે છે. વિવાદ આગની જેમ દોડે છે. કર્ણોપકર્ણ અને મુખોપમુખ વિવાદ દોડે છે!!

ખાનબંધુઓ વિવાદનો પર્યાય બની ગયા છે. સલમાનખાન હોય, આમીરખાન હોય, શાહરૂખખાન હોય કે સૈખઅલીખાન હોય. ખાનબંધુઓનો કેડો વિનાદ છોડવાનું નામ લેતું નથી. આદિપુરૂષમાં સૈફ અલીખાન રાવણનું કેરેકટર કરે છે. રાવણનો લુક રીલીઝ થયો. મહાપંડિત રાવણના સ્થાને ચંગીઝખાન કે તૈમૂરલંગ જેવો લૂક કરી નાંખ્યો. જો કે, સૈફઅલીને તૈમૂર પર સવિશેષ આસક્તિ હોય એ સ્વાભાવિક પણ છે! ( દીકરા માટે પક્ષપાત કોને ન હોય?) લાલસિંહ ચડા ફિલ્મ કે ફના ફિલ્મનો વિવાદ આમીરખાનને કયાં ફળ્યો હતો?? સલમાનખાન અને શાહરૂખખાનના કયાં અને કેટલા વિવાદો ગણાવીએ?? હરિના તારા નામ છે.હજાર કયાં નામે લખવી કંકોતરી જેવી દશા શાહરૂખખાન અને સલમાનખાનની છે. ડગલે ને પગલે વિવાદ. આ ખાન બંધૂઓએ પોતાનું નામ વિવાદખાન કરી નાંખવું જોઈએ! શું કહો છો, ગોસિપખાન ???શાહરૂખખાને જીવતો સળગાવવાનું એલાન કેસરી વસ્ત્રધારી પરમહંસ( કે પરમ કાગડા?) કર્યું છે, જે તેમની સમજદારીની નાદારીન ઉધાર પુરાવો છે! પરમહંસને નામ બદલી પરમનીચ રાખવા રાજુ રદી કહે છે!!આ માણસે મુસ્લિમ શાહરૂખની જીયારત કરવાને બદલે બારમું તેરમું કરી નાંખ્યું. આને કૌમી સૌહાર્દ કહેવો કે ધાર્મિક ઉન્માદ કહેવો તે પણ ત્રિશંકુ સવાલ છે!!

ફિલ્મો અને વિવાદોનો સંબંધ ચોલીદામન જેવો છે. ફિલ્મોનો વિવાદ આજકાલનો નથી. ૧૯૨૦-૧૯૩૦ના દાયકાઓની ફિલ્મોમાં જે પેશનેટ કિસિંગ સીન્સ જોઈએ તો આજે પણ આપણાં રૂંવાડાં ઊભાં થઈ જાય. જેમ કે, ૧૯૩૩માં આવેલી દેવિકા રાણી-હિમાંશુ રાયની ફિલ્મ ‘કર્મા’માં ચાર મિનિટ લાંબો કિસિંગ સીન હતો, જેણે ખાસ્સો વિવાદ જગાવ્યો હતો.’સેક્રેડ ગેમ્સ’, ‘ઘૂલ’, ‘તાંડવ’ અને લેટેસ્ટમાં ‘બોમ્બે બેગમ્સ’ જેવી વેબસિરીઝો પર લાગણી દુભાવો કંપનીએ માછલાં ધોયાં છે. પરંતુ આ જરાય પહેલીવારનું નથી. ફિલ્મ ક્રિટિક રાજા સેને નોંધ્યું તે પ્રમાણે ૧૯૯૫માં લેખક સલમાન રશ્દીની નોવેલ ‘ધ મૂર્સ લાસ્ટ સાઈ’ પર બબાલ ખડી થઇ હતી. હિન્દી ફિલ્મો ‘ઝૂંડ‘ તથા ‘ગંગૂબાઈ કાઠિયાવાડી‘ અને મરાઠી ફિલ્મ ‘પાવનખિંડ‘ તેમાંથી કોને સપોર્ટ કરવો, તે લોકો આ ફિલ્મોના દિગ્દર્શકોની જ્ઞાતિને આધારે નક્કી કરી રહ્યા છે.ગામ બહાર, ભેદભાવની ભીંતની બીજી બાજુ વસતા લોકોને નાગરાજ મંજુલે તેમની ‘ફેન્ડ્રી‘, ‘સૈરાટ‘ અને અન્ય ફિલ્મો દ્વારા લાઈમલાઈટમાં લાવ્યા છે.

અલી અબ્બાસ દિગ્દર્શિત વેબ શો ‘તાંડવ‘એ સનસની મચાવી દીધી છે અને આ શો પ્રત્યે વિવાદ ઊભો થયો છે.

રિચા ચઢ્ઢાને મુખ્ય ભૂમિકામાં રજૂ કરતી ‘મેડલ ચીફ મિનિસ્ટર‘ તો રજૂઆતથી પહેલા જ ચર્ચાસ્પદ રહી હતી. પરંતુ રાજકારણની આડમાં ભ્રષ્ટાચાર, સત્તા લોલુપતા, બદલો લેવાની ભાવના ઈત્યાદિ રજૂ કરતી પટકથા ધરાવતી ફિલ્મો હમેશાંથી બનતી આવી છે. આ ફિલ્મ અને વેબ શો ઉપરાંત રાજકારણને લગતી ‘ધ કાશ્મીર ફાઈલ્સ‘, ‘થલાઈવી‘ જેવી ફિલ્મો પણ આવવાની છે. મહિલાઓના માસિક ધર્મના મુદ્દા પર બનેલી ફિલ્મ ‘માસૂમ સવાલ’ના પોસ્ટરને લઈને વિવાદ થયો છે. આ ફિલ્મના પોસ્ટરમાં સેનેટરી પેડ પર ભગવાનની તસવીર બતાવવામાં આવી છે. ભારતીય ફિલ્મ નિર્માતા લીના મણિમેકલાઈએ તેમની દસ્તાવેજી ફિલ્મ ×કાલી× નું પોસ્ટર રિલીઝ કર્યું, જેમાં હિન્દુ દેવી ‘મા કાલી’ સિગારેટ પીતી જોવા મળે છે. તે જ સમયે, તે એક હાથમાં ન્યુ્ઊ નો ધ્વજ લઈ રહી છે. પોસ્ટર પર, ફિલ્મની અભિનેત્રી મા કાલીના અવતારમાં જોવા મળે છે અને સિગારેટ પીતી જોવા મળે છે.

શાહરૂખખાન અભિનિત પઠાણ ફિલ્મ ૨૫મી જાન્યુઆરી-૨૦૨૩ ના રોજ રિલીઝ થવાની હતી. રિલીઝ પૂર્વે બીકીની ગીતને લીધે મોરલ પોલીસને હડફેટે ચઢી ગઈ છે. આ ફિલ્મમાં બિકીની પહેરીને દીપિકા બેશરમ રંગ એવું ગીત ગાય છે!! મોરલ પોલીસને પાશ્ચાત્ય ડ્રેસ બિકીની સામે વાંધો નથી.

હકીકતમાં વાંધો હોવો જોઈએ. બિકીની, ફ્રોક, વનપીસ, ગાઉન વગેરે વસ્ત્રો વિદેશી હોઈ સ્વદેશી અભિયાનને અનુરૂપ નથી.તેથી સ્વીકાર્ય ન હોવા જોઈએ. ફિલ્મોમાં સ્ક્રિપ્ટને અનુરૂપ કે વાર્તાની માંગ મુજબ જરૂરી ન હોય તેવા સંવાદો, ગાલીગલોચ , અર્ધઅનાવૃત નારીદેહના અશ્લીલ પ્રદર્શનો ભારતીય સંસ્કૃતિને લાંછનરૂપ હોઈ વિરોધ થવો જોઈએ. આ દ્રશ્યો સ્ક્રીન પર આવે એટલે તમામ પ્રેક્ષકો પીટ કલાસ પ્રેક્ષકો બની સિસોટી, ચિચિયારીથી વધાવી લે છે. કેમ કે, મોટાભાગના લોકોને રૂપાળા કે કાળા પીપડાં જેવી સ્થૂળ ઘરવાળીને અનાવૃત તો ઠીક છે આવૃત સ્થિતિમાં નિહાળવામાં કોઇ રસ હોતો નથી. વાઇસેવર્સા ગોરધનોની પણ આવી જ સ્થિતિ ઘરવાળીઓ જોવા માંગતી નથી. પુરૂષની હોટ, સિઝલીંગ, પીનઅપ હોટીઝ જોઈને લાળ ટપકાવવાના મનોરથ-તનોરથ હોય છે!! આ વિવાદ પઠાણ ફિલ્મને ફળશે તેવા અણસાર જોવા મળે છે. આ ગીતને દસ કરોડ લોકોએ જોઇ લીધુ છે. લો કર લો બાત બેશરમ કૌન? ગીત, દિપિકા , શાહરૂખ, વિરોધીઓ કે હિમાયતી?? આપણે દંભી પ્રજા છીએ તેનો આ જીવંત પુરાવો છે!!; જે કે, આવા વિવાદ

કોઈ ફિલ્મના સંવાદ, ગીત. કપડાં,કથાનક, ફિલ્માંકન સામે વાંધો હોય તો થિયેટરમાં તોડફોડ, રસ્તા રોકવા, વાહનોમાં આગચંપી કરવાના બદલે ફિલ્મનો સજ્જડ વિરોધ કરવા ફિલ્મો ન જોવોનો વ્યકિતગત કે સામુહિક નિર્ણય કરવાથી ફિલ્મ નિર્માતા-દિગ્દર્શક-અભિનેતા-અભિનેતાની સાન ઠેકાણે આવી જશે!! અલબત, આપણો વિરોધ સિલેકટીવ કે વિન્ડીકટીવ હોય છે. મુજે રંગ દે ગેરુઆ ગીતમાં ભગવા રંગની જ વાત છે.

આ ગીત કે ફિલ્મનો વિરોધ સુધ્ધાં ન થયો. ભગવા રંગ ધારી યતિનંદ ગાંધીજીને ગાળો આપે, ગોડસેનું મહિમામંડન કરે તો આપણને સાપ સૂંઘી જાય છે!! ભગવા કપડા પહેરી આપણી જ બેન દીકરીઓની આસ્થાનો લાભ લઇ કામલીલા કરતાં આશારામ કે રામરહીમ , નિત્યાનંદ જેવા લંપટને સીધા દોર કરવાના બદલે તેના ચરણબાવળમાં લોટપોટ થઇએ છીએ!! ભ્રષ્ટાચારી, અનાચારી લાંચિયા નેતાના નિધન બાદ પ્રોટોકોલના બહાને તેના મૃતદેહ પર રાષ્ટ્રધ્વજ લપેટવામાં સ્વયં રાષ્ટ્રધ્વજનું હડહડતું અપમાન છે! કોઇ નેતા યોગ કરતી વખતે તેને થયેલ પરસેવો રાષ્ટ્રધ્વજથી લૂંછે એ પણ રાષ્ટ્રધ્વજનું અપમાન છે!! હમણા ચૂંટણી દરમિયાન માતાજીની મૂર્તિને પક્ષની ટોપી પહેરાવવી એ આધ્યશકિતનું અપમાન છે!! આ બાબતો પરત્વે દુર્લક્ષ સેવી કાનને શટર લગાવ્યા હોય તેમ આંખ આડા કાન કરીએ છીએ, આવું કેમ ??? પઠાણ ફિલ્મ જેવું દ્રશ્ય અક્ષયકુમાર અભિનિત ફિલ્મમાં હીરોઇન બિકીની , એ પણ કેસરી રંગની બિકીની પહેરી છે, છતાં વિરોધનો વ ન નોંધાય એ કેવો સહવડિયો વિરોધ ?? એક પક્ષના સભ્યો કેસરી કપડા પહેરે છે, જેનામાં વૈરાગ્યનો છાંટો પણન હોય!!!

જો આ ફિલ્મનું નામ પઠાણ બદલીને પોચકો રાખી દો, કેસરીને બદલે બ્લેક બિકીની રાખી દો અને શાહરૂખનો બદલે અક્ષયકુમાર કે ઋત્વિક રોશન રાખી દો એટલે “બીડી જલાઇલે જીગર સે પિયા જીગર મેં બડી આગ હૈ” એ વિરોધની આગ બરફ જેવી ઠંડી થઇ જશે. હવે ગાઇ નાંખો કે ઠંડે ઠંડે પાની સે નહાના ચાહિયે, ગાના આયા ના આયે ગાના ચાહિયે, કયા સમજે બરખુદાર !!!

ભરત વૈષ્ણવ  
૧૫.૧.૨૦૨૨.#

## ઉસ્માન પી. મલેક ની કલમે...

૧)મોડાસા નગરપાલિકાના પદ અધીકારી તથા અધીકારી તથા ભ્રષ્ટ્રાચારી કર્મચારીઓ તથા પૂર્વ વિરોધ પક્ષના નેતા તથા હાઈ લેવલ ના સમીતી ના ચેરમેનો ભ્રષ્ટ્રાચાર માં ખદબદી? ગયા છે તેઓ નો રાજકીય નો હાથ છે તેના લીધે ફુલીફાલી ગયા છે

૨) મોડાસા શહેર માં શાકભાજી ની લારીઓ તથા ફ્રુટ વાડાની લારીઓ વાડા ને મોડાસા નગરપાલિકાના આઉટસોર્સિંગ વાડા કમૅચારીઓ લારીઓ ઉંધી પાડી દે છે તથા દાદાગીરી કરી છે તેઓ દબંગગીરી કરે છે તેના લીધે ઝગડા થાય છે તેઓ ની પાસે દબાણ દૂર કરવા સતા ન હોવા છતાં લારીઓ હટાવવા માં આવે છે

૩) મોડાસા નગરપાલિકામાં ૧૪ માં નાણાપંચ ની ગાટ આવેલ છે તે છેલ્લા ૧૧ માસ થી ખોટા બીલો બનાવી ખર્ચ કરવામાં આવેલ છે તેમાં ગુજરાત સરકાર માં થી એકાઉન્ટ મુકવામાં આવેલ છે તેમાં મોડાસા નગરપાલિકા તથા બાયડ નગરપાલિકાનો ચાર્જ સોંપવામાં આવેલ છે તેમાં મોડાસા નગરપાલિકાના એકાઉન્ટ વિભાગ માં કલાકે ચેક ભરે છે તથા બીલ પણ એ બનાવે છે તેમાં શોભા ના ગાંઠીયા એકાઉન્ટ ચૅક માં તથા બીલ માં સહી ઓ કરે છે તેની પણ તપાસ કરવાની જરૂર છે એકાઉન્ટ વિભાગ માં કમૅચારીઓ મોબાઈલ પર રહે છે પદ અધીકારી તથા અધીકારી ભ્રષ્ટ્રાચારી હોવાથી ચલતી કા નામ ગાડી ચાલે છે આ બાબતે ગુજરાત સરકાર માં અરજી લખવામાં આવશે

૪) મોડાસા નગરપાલિકામાં બીજી શનિવાર તથા ચોથા શનિવાર તથા રવિવારે ભ્રષ્ટ્રાચારી કમૅચારી ઓફિસમાં આખો દિવસ આવે છે તે ચર્ચા નો વિષય બનેલ છે ટોપ ઓફ ધ ટાઉન છે

૫) મોડાસા શહેર ના આર ટી આઈ ૨૦૦૫ ના એકટીવેટ ભ્રષ્ટ્રાચારી તથા ભ્રષ્ટ્રાચારી પત્રકાર ના બેનામી સંપત્તિ છે તેની તપાસ ઈ.ડી ધારા તપાસ કરવાની જરૂર છે

૬) મોડાસા નગરપાલિકાના ભ્રષ્ટ્રાચારી કમૅચારી એ વકબ બોર્ડે ની ૪૧૬૧ જમીન નીકળેલ છે તેમાં પણ ભાગીદારી માં જમીન લીધેલ છે તે ભ્રષ્ટ્રાચારી કમૅચારી એ છેલ્લા ૯ વર્ષ થી અઢણક મીલકત ધરાવે છે તેની પણ તપાસ કરવાની જરૂર છે

૭) મોડાસા નગરપાલિકાના કર્મચારીઓ તથા અધીકારીઓને ગુજરાત નગરપાલિકાના અધીનીયમ ૧૯૬૧ મુજબ ના કાયદા ના નિયમ જાણતા નથી તેમાં આઉટસોર્સિંગ કમૅચારી તથા ૧૧ માસ ના કમૅચારીઓ ને ભરતી કરવામાં આવે છે ગુજરાત સરકાર એપલોમેનટ માં જાણ વગર ભરતી કરવામાં આવે છે તેની પણ વિજીલેનસ મારફતે તપાસ કરવાની જરૂર છે મોડાસા નગરપાલિકાના દૈનિક વેતન નવશાદ હુસેન પી મલેક ચાલુ ફરજ દરમિયાન ગુજરી જવાથી ૧ વર્ષ ઉપર હોવા છતાં તેઓ ને લાભ મળેલ નથી તેની પત્ની ને મોડાસા નગરપાલિકામાં અધીકારી બોલાવે છે તેઓ ને હાઈ કોર્ટ માં હુકમ કરેલ છે તેની નકલ બતાવો તારીખ ૧૨/૦૧/૨૦૨૩? તથા ૧૩/૦૧/૨૦૨૩ ના રોજ બોલાવા થી તેની પત્ની જાય છે તે ખોટા ધક્કા ખવડાવે છે તેઓ ને ભ્રષ્ટ્રાચારી અધીકારી તથા ભ્રષ્ટ્રાચારી કમૅચારી કાયદા નો જાણકાર વગર કોર્ટે માં એફ ઈ ડેટ ખોટી કરે છે તેની તપાસ કરવાની જરૂર છે વિધવા બાઈ ને ન્યાય મણતો નથી નવી ભરતી કરવામાં માવા મણે છે તેઓ લશ્કરી શાસન ચલાવે છે ખોટા ઠરાવો કરવામાં આવે છે તેની પણ તપાસ કરવાની જરૂર છે

ઉસ્માન પી. મલેક  
૧૪/૦૧/૨૦૨૩

## સાબરકાંઠા જીલ્લાના વડાલી તાલુકામાં રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા પર્યાવરણ બાબતે ગ્રામ પંચાયતોને સક્રિય કરવા તાલુકા કક્ષાએ કાર્યક્રમનું આયોજન



સાબરકાંઠા ,

સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકા પંચાયત ખાતે વડાલી તાલુકા વિકાસ અધિકારી શ્રી બળવંતસિંહ રાજપૂતની અધ્યક્ષતામાં રિલાયન્સ ફાઉન્ડેશન અને નરોત્તમ લાલભાઈ રૂરલ ડેવલોપમેન્ટ ફંડ દ્વારા ગ્રામ પંચાયત વિકાસ આયોજન બાબતે ગ્રામ પંચાયત પ્રતિનિધિઓ અને સરકારી વિભાગો સાથે તાલુકા કક્ષાએ સંકલન કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમાં વડાલી તાલુકા સરપંચ એસોસીએશનના પ્રમુખ નરેશભાઈ પટેલ ઉપપ્રમુખ નરેન્દ્રસિંહ ભાટી મહામંત્રી પ્રકાશભાઈ પટેલ તથા વિવિધ પંચાયતોના સરપંચશ્રી, ડેપ્યુટી સરપંચશ્રી અને પંચાયત સભ્યશ્રીઓ હાજર રહ્યા..

ભવાનગઢ, હાથરવા અને ભંડવાલ સરપંચશ્રી એ પોતાના ગામોમાં થતી રિલાયન્સ ફાઉન્ડેશન અને નરોત્તમ લાલભાઈ સંસ્થા ની કામગીરી વિશે અનુભવો રજૂ કર્યા હતા જેમાં જલવાયુ પરિવર્તન, આરોગ્ય, સામાજિક સુરક્ષા આજીવિકાના સ્ત્રોત, એડવાન્સ ટેકનોલોજી થી

ગામને વિકસિત, અને હરિયાળુ બનાવવા માટે તથા ગ્રામની સ્વચ્છતા ને લઈ TDO સાહેબશ્રી તથા રિલાયન્સ ફાઉન્ડેશનના ભરતભાઈ પટેલ, વર્ષાબેન મહેતા દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ તથા નરોત્તમ લાલભાઈ રૂલલ ડેવલપમેન્ટ ફંડ ના મહેશભાઈ દ્વારા પોતાના પ્રતિભાવો અને અનુભવોનું સેરિંગ કરેલ તથા CRP જીજ્ઞેશભાઈ પરમાર, ચેનવા કિરણભાઈ સુરેશસિંહ ચૌહાણ અને પ્રોગ્રામ ફેસિલિટેટર પાયલબેન પરમાર દ્વારા કાર્યક્રમ નું આયોજન અને સહયોગ કરેલ

જેમાં વડાલી તાલુકા પંચાયત ના વિવિધ વિભાગો મનરેગા,PMAY તથા SBM શાખાના અધિકારીઓ પણ ઉપસ્થિત રહી પોતાની યોજનાઓ વિશે વિગતે માહિતી આપી હતી.

કાર્યક્રમની પૂર્ણાહુતી તરફ લઈ જતા સી.આર.પી સુરેશસિંહ ચૌહાણ દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી..

## કુલપતિ-રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી ફરી ગુજરાત વિદ્યાપીઠની ઓચિંતી મુલાકાતે

**સુંદર પરિસરમાં વિચારો-વ્યવહારમાં આળસની ગંદકી જોઉં છું : શ્રી આચાર્ય દેવવ્રતજી**

**અગાસીમાં ગંદકી જોઈને વ્યથિત થયેલા શ્રી આચાર્ય દેવવ્રતજીએ સફાઈ માટે સૂચનાઓ આપી**

**સ્વચ્છતા અને વ્યવસ્થા જોવા હું આમ જ નિયમિત આવતો રહીશ : શ્રી આચાર્ય દેવવ્રતજીની તાકીદ**



ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ અને રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ફરી આજે ગુજરાત વિદ્યાપીઠ પરિસરની ઓચિંતી મુલાકાત લીધી હતી. ‘સ્વચ્છતા અભિયાન‘ પછી વર્તમાન સ્થિતિની જાણકારી મેળવવા તેમણે છાત્રાલય અને શૈક્ષણિક ભવનોના ધાબા-અગાશીઓ જોઈ હતી. અગાશીઓમાં કાટમાળ, કૂડો-કચરો, બિનજરૂરી માલસામાન અને ભંગાર હાલતમાં બંધ પડેલી સોલાર પેનલ્સ જોઈને તેવો અત્યંત વ્યથિત થયા હતા. તેમણે તત્કાળ સ્વચ્છતા માટે સૂચના આપી હતી.

શ્રી આચાર્ય દેવવ્રતજી એ કહ્યું હતું કે, ‘પૂજય મહાત્મા ગાંધીજીએ ઉચ્ચ આદર્શો સાથે જેની સ્થાપના કરી એ પરિસરની પરિસ્થિતિ જો પૂજય ગાંધીજી આજે જુએ તો કલ્પના કરો કે એ શું ટીપણી કરે ? પ્રાકૃતિક દ્રષ્ટિએ આટલા સુંદર પરિસરમાં હું વિચારો અને વ્યવહારમાં ઘર કરી ગયેલી આળસની ગંદકી જોઈ રહ્યો છું.‘

વિધાપીઠ પરિસરમાં લખેલા એક સુવાક્ય- ‘જૂઠ બોલને વાલોં કો ન મિત્ર મિલતા હૈ, ન પુણ્ય, ન યશ’ વાંચીને શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, સૌએ પોતાની માનસિકતા બદલવી પડશે. દર મહિને ધાબાઓની પણ વ્યવસ્થિત સફાઈ કરવા અને સમગ્ર પરિસરમાં સ્વચ્છતા જાળવવા તેમણે સુચનાઓ આપી હતી.

શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, હું અહીં આ જ રીતે વારંવાર આવતો રહીશ. સ્વચ્છતા અને વ્યવસ્થા જોતો રહીશ.

પૂજ્ય ગાંધીજીના આદર્શો પર રચાયેલી આ સંસ્થા જોવા દુનિયાભરમાંથી લોકો આવે એવા પ્રયત્નો કરવાની આવશ્યકતા પર તેમણે ભાર મૂક્યો હતો

શ્રી આચાર્ય દેવવ્રતજીએ છાત્રાલયના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો અને તેમની જરૂરિયાતો-પ્રશ્નો વિશે પૃચ્છા કરી હતી.

તેમણે વિદ્યાર્થીઓને વ્યસનોથી દૂર રહેવા અને રમતગમત તથા વ્યાયામ માટે સમય ફાળવવા સૂચન કર્યું હતું. વિદ્યાર્થીઓએ પણ કુલપતિ-રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે પેટ છૂટી વાતો કરી હતી.

શ્રી આચાર્ય દેવવ્રતજીની આ મુલાકાત વેળાએ વિદ્યાપીઠના કુલનાયક ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી અને ઈન્ચાર્જ કુલસચિવ શ્રી ડૉ. નિખિલભાઇ ભટ્ટ પણ સાથે રહ્યા હતા.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



***NOG SS No 0102***
વિષયઃ- ★ઉત્તરાયણ મકરસંક્રાંતિ★.
પ્રકારઃ- ગદ્ય લેખ
શબ્દોઃ-૨૮૦.
શીર્ષકઃ- ★મકરસંક્રાંતિની ઉજવણી.★
★રચનાઃ★-

ભારતમાં હજારો વર્ષોથી ઉજવવામાં આવતો મકરસંક્રાંતિનો દિવસ જેને આપણે ઉત્તરાયણ ના નામે પણ ઓળખીએ છીએ કે દર વર્ષે ૧૪મી જાન્યુઆરીના દિવસે આવે છે આ વખતે ૨૦૨૩માં તે ૧૫ મી જાન્યુઆરીએ ઉજવવામાં આવશે.

ભગવાન સૂર્યનારાયણ મકરના બને છે અને તેથી તેને મકરસંક્રાતિના નામે ઓળખવામાં આવે છે.

તે દિવસે મકરસંક્રાતિના સ્વરૂપ તેના વાહન અને તેની કેટલીક ખાસિયતો નું વર્ણન કરવામાં આવે છે, અને દરેક રાશિમાં કઈ કઈ વસ્તુ આપવાથી પુણ્ય પ્રાપ્ત થાય છે તેની પણ સંપૂર્ણ માહિતી આપવામાં આવતી હોય છે અને લોકો તે પ્રમાણે દાન કરે છે.

મકરસંક્રાંતિના દિવસે સ્નાનનું ખાસ મહત્વ છે. નદી ,તળાવ, દરિયા કિનારે, યથા યોગ્ય રીતે લોકો તે દિવસ સ્નાન કરે છે પવિત્ર થઈ અને સંક્રાતિનું પૂજન કરે છે.

તે દિવસે લોકો ઘરમાં તલની વાનગીઓ બનાવે છે. તલસાકરી ,તલના લાડવા, પુસતાપાક ,આ ઉપરાંત ઉંધીયુ, જલેબી ,અને બીજી ઘણી બધી વાનગીઓ લોકો આનંદપૂર્વક ખાતા હોય છે તેમજ બીજાને આપતા હોય છે.

મકરસંક્રાંતિની દિવસે લોકો પતંગ ઉડાડે છે. આકાશમાં રંગબેરંગના પતંગોથી ભરેલું હોતું હોય છે .લોકો હાથમાં ચરખી લઈ અને પોતાના પતંગને જુદી જુદી રીતે બીજાની સાથે પેચ લડાવે છે અને જ્યારે પતંગ ચટ થાય ત્યારે ,હોકારા ,દેકારાકરી અને તેની પ્રતીતિ કરાવે છે.

કેટલાક લોકો ઘંટ ,ઢોલ , ડીજી વગેરે પણ પોતાની અગાસીઓ લઈ અને આમ સવારથી સાંજ સુધી પતંગનો આનંદ ઉડાડીને લેતા હોય છે.પતંગ ના ઉત્સાહમાં ઘણીવાર પડી જવાના પણ અને પ્રસંગો જોવા મળે છે તેમજ આકાશમાં ઉડતા પંખીઓને પણ ઈજા થાય છે અને પંખીઓને ઈજા થાય તે માટે પણ નીચે પંખીઓના સરક્ષણ માટે વ્યવસ્થા કરવામાં આવી હોતી હોય છે.

હજારો વર્ષોથી ઉજવવામાં આવતી મકરસંક્રાંતિ મહા પર્વ લોકો ખૂબ ઉત્સાહપૂર્વક ઉજવે છે. તે દિવસે ભીષ્મપિતા મહે પોતાના શરીરને બાણશૈયા ઉપર સુતા રહ્યા પછી દેહત્યાગ કર્યો હતો તેની પણ કથા છે.

નામઃ- રતીલાલ વાયડા
નવી મુંબઈ. ૧૩/૦૧/૨૦૨૩.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS no.007**
વિષય : પતંગોત્સવ
વિભાગ : ગદ્ય
પ્રકાર : માઈક્રફીક્શન વાર્તા
શિર્ષક : પોળનું એ ધાબું

વર્ષના પહેલાં તહેવાર તરીકે મકરસંક્રાંતિ પોતાનું એક આગવું સ્થાન ધરાવે છે.આમ તો ધાર્મિક દ્રષ્ટિએ મકરસંક્રાંતિ એટલે સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં ભ્રમણ કરે.સૂર્યનો ધનુ રાશિમાંથી મકર રાશિમાં પ્રવેશ. શાસ્ત્રો અનુસાર આ જ દિવસે ભીષ્મપિતામહે બાણશૈયા પર પોતાનો દેહ છોડ્યો હતો. આ અને આવી અનેક દંતકથાઓ મકરસંક્રાંતિ જોડાયેલી છે.

પરંતુ વિક્રમ માટે મકરસંક્રાંતિ એટલે એક એવી મીઠી યાદ; જીવનમાં ક્યારેય ન વિસરાઈ એવી એક સ્મૃતિ.આજથી છત્રીસ વર્ષ પહેલાં વિક્રમ મકરસંક્રાંતિની ઉજવણી કરવા વહેલી સવારમાં અમદાવાદની પોળમાં આવેલાં સુગંધાભાભીના ધાબે જાય છે.પતંગની કન્ની બાંધીને બે ત્રણ ડઝન જેટલી પતંગો તૈયાર કરીને રાખે છે.ફીરકી પર પણ આખો દિવસ ચાલે એટલો માંઝો ચઢાવીને તૈયાર રાખે છે; અને ત્યાં જ કિચુડ કિચુડ અવાજ સાથે ધાબાનો દરવાજો ઊઘડે છે અને પાયલની ઘુઘરી રણકાવતી સુગંધાભાભીની નણંદ મધુરીમા આવી પહોંચે છે.ધાબાના દરવાજે એક હાથ ઉપર ટેકવીને દરવાજાની કમાન પર પોતાનું ગોરું, નાજુક જૂઈની વેલ જેવું અંગ અઢેલીને ઊભી રહે છે.અને પોતાની પાયલ ખનકાવી પોતાનાં આવ્યાનો ઈશારો એને આપે છે.હજી તો પાયલની ખનક એનાં કાને પહોંચે,નજર ઉઠાવીને ચહેરો જુએ અને નજરથી નજર ટકરાય એ પહેલાં તો જોરથી ધડાકો થયો.પળવારમાં એ મકાન ધારાશાહી થઈ ગયું અને...........!

એ વાતને આજે ૩૬ વર્ષના વ્હણા વાઈ ગયાં.છતાં એ દર ઉતરાણે; હવે સુગંધા ભાભીની બંગલીના ધાબે આવે છે.પતંગ ચગાવવાની બધી જ પૂર્વ તૈયારીઓ કરે છે.અને આજે પણ એ સમયે ધાબાના દરવાજાનો કિચુડ કિચુડ કરતો ઉઘડવાનો અવાજ આવે છે.પાયલની ઘુઘરીનો મીઠો રણકાર પણ સંભળાય છે.પરંતુ ચહેરો......!ચહેરો તો આજે પણ નથી દેખાતો.

લેખિકા : આરતી અઢીયા મરચંટ
મુંબઈ : કાંદિવલી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No* : *0110***
★પ્રકાર : ગદ્ય- ★મૌલિક લેખ★
★વિષય★ : ★પતંગોત્સવ★
★શબ્દો★ : ★૩૪૭★
★શીર્ષક★ :★'પતંગોત્સવ એ જીવનોત્સવ'★
★લેખકનું નામ★ : ★નિખિલ કિનારીવાળા (અમદાવાદ)★

એક અલગ જ પ્રકારનો, નાના મોટા સૌને એક સરખો આનંદ આપતો તાજગીભર્યો તહેવાર એટલે ઉત્તરાયણ અર્થાત્ પતંગોત્સવ. આકાશને રંગબેરંગી પતંગોથી ભરી દેવાનો ઉત્સવ એટલે પતંગોત્સવ. પવનની ઠંડી લહેરિયો વચ્ચે 'એ કાયપો' અને 'એ લપેટ'ના અવાજોના દેકારા સાથે મકાનોના ધાબા આ દિવસે માનવમહેરામણથી ઉભરાતા હોય. સવારથી મોડી સાંજ સુધી કુટુંબના નાનાથી મોટા સભ્યો તથા મિત્રવર્તુળ અગાસીમાં અડ્ડો જમાવીને બેઠા હોય, મજાક મસ્તીનો દોર ચાલતો હોય તો ક્યાંક તલસાંકળી, બોર તો ક્યાંક ઉંધિયું, પુરી અને જલેબીની જ્યાફત ચાલતી હોય એવો મનમોજીલો ઉત્સવ એટલે આપણી ઉતરાયણ અર્થાત્ પતંગોત્સવ.

સૂર્યનું ઉત્તરાગમન અને સૂર્યનો બીજી રાશિમાં પ્રવેશ ખગોળીય અને વૈજ્ઞાનિક દ્રષ્ટિએ ખૂબ જ મહત્વનું છે. સાથે સાથે સૂર્યની ગતિવિધિને આદરપૂર્વક વધાવવાની ધાર્મિક ભાવના પણ આ તહેવાર સાથે સંકળાયેલી છે. જગતનું સંચાલન કરનાર સૂર્યશક્તિને વંદન કરવામાં આવે છે અને આવનાર દિવસોમાં પૂર્ણ સ્વાસ્થ્ય અને શક્તિ સમગ્ર જનસમુદાયને પુરી પાડે તેવી પ્રાર્થના કરવામાં આવે છે. ઉત્તરાયણના દિવસે ગરીબોને ગુપ્તદાન કરવાનું પણ એક અલગ મહાત્મ્ય છે.

વિસ્તૃત અર્થમાં જોઈએ તો આ પતંગોત્સવ આપણને જીવનમાં કેટલું બધું શીખવાડી જાય છે. જેમ ઉત્તરાયણમાં આખુંય આકાશ જુદા જુદા રંગોના પતંગોથી છવાઈ રંગબેરંગી બની જાય છે અને એક આહ્લાદક દ્રશ્ય ઊભું થાય છે તેમ જ આપણું જીવન આકાશ પણ દરેક પરિસ્થિતિમાં ખુશીના અલગ અલગ રંગોથી ભરેલું રહેવું જોઈએ. ક્યારેક પતંગના પેચ દોરીની ઢીલ છોડીને લેવાય તો ક્યારેક દોરીને ખેંચીને પણ લેવાય, જેનો નિર્ણય પરિસ્થિતિને આધીન હોય છે તે જ રીતે અલગ અલગ પરિસ્થિતિઓમાં પ્રવર્તતી વિષમતા અનુસાર જીવનના નિર્ણય લેવાનું શીખવી જાય છે. દોરી ઓછી હોય કે વધુ, પતંગ ચગાવવાનો આનંદ તો અવશ્ય મળે જ છે તે જ પ્રકારે કોઈ પણ પરિસ્થિતિમાં જીવનનો આનંદ લૂંટવાની તક ચૂકવી જોઈએ નહીં. દોરી અને કિન્ના એવી હોવી જોઈએ કે જેથી પતંગને વશમાં રાખીને તેને સફળતાથી ઉડાડી શકાય જે જીવનને પણ લાગુ પડે છે. ખાસ કરીને પતંગોનો આ ઉત્સવ આપણને હારજીતની ખેલદીલી સમજાવી જાય છે. ક્યારેક પતંગ કાપીએ પણ ખરા તો ક્યારેક પતંગ કપાય પણ ખરો. આ બંને સ્થિતિઓને સમાન દષ્ટિથી જોઈને સ્વીકારીએ છીએ તેમ જીવનમાં આવતી હરીફાઈઓને પણ સમદ્રષ્ટિથી જોતાં અને પચાવતા શીખવું જોઈએ.

આમ પતંગોત્સવ આપણા જીવનનો એક એવો ઉત્સવ છે જે આબાલવૃદ્ધ સૌને પસંદ છે અને સાચા અર્થમાં તે જીવનોત્સવ બની રહે છે કારણ તે જીવનમાં ઘણું બધું શીખવાડી જાય છે.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ
૧૪ જાન્યુઆરી ૨૦૨૩

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***N.O.G. S.S. No: 0112***
★વિષયઃ દ્ર્.ઽ.૮ સાહિત્ય સરિતા★
★પ્રકાર : પદ્ય★
★શીર્ષકઃ- હું તને કાપીશ નહી★

★તુ ભલે કાપવા મથે મને,★
★હું જીવનભર કાપીશ નહી..!★
★આપી શકાય તો સાથ આપીશ,★
★ગડથલીયા ખવરાવીશ નહી..!★
★ગૂંચવશે લોકો ગૂંચ નાખીને,★
★હું કદી ગાંઠ વાળીશ નહી..!★
★ઉકેલાય શકે ગૂંચ તો ઉકેલીશ,★
★મિથ્યા ગૂંચમાં મથીશ નહી..!★
★ટોળા વળશે લોકોના,★
★પોતાનો દોર પાકો સાબિત કરવા..!★
★લાગે જરા પણ કાચો,★
★તો આક્રમણ કરવા..!★
★લથડીયા ખાતો નિહાળી, કાઈપો કાઈપો કરવા,★
★આખરે કાપીને નિજ અહમ સંતોષવા..★
★કોઈને પછાડી આનંદ માનવો માત્ર નિજ સંતોષ છે,★
★કાચા દોરે ગગન વિચરે એને હજારો વંદન છે..!★

★રચના★
★રાજેશભાઈ એસ. વ્યાસ★
★કવિ શ્રી "રાજ"★
★ધ્રુવનગર, મોરબી ★

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS N0: 001**
પ્રકાર : ગદ્ય
વિષય : ઉત્તરાયણ.પતંગોત્સવ
શિર્ષક : દાન પુણ્ય નો મહિમા

ઉત્તરમાં લોહરી, પૂર્વમાં મકરસંક્રાંતિ અને દક્ષિણમાં પોંગલના નામે ઉજવાતો તહેવાર એટલે ઉત્તરાયણ. મકર રાશિમાં સૂર્યની સંક્રાંતિ એટલે મકર સંક્રાંતિ. સૂર્યના મકર રાશિમાં પ્રવેશ કરતાની સાથે જ કમુરતાની સમાપ્તિ અને નવા વર્ષ અને શુભ દિવસોની શરૂઆત એટલે મકરસંક્રાંતિ.

સૂર્યનાં પૂર્વથી દક્ષિણ તરફ પડનારા કિરણો શુભ ગણાતા નથી. પણ સૂર્યના પૂર્વથી ઉત્તર તરફ ગમન કરતી વખતે આ કિરણો અત્યંત લાભકારી ગણાય છે. કદાચ એટલે જ મકર સંક્રાંતિના શુભ અવસરે સૂર્યની ઉપાસના કરવાની પ્રથા છે. ગુજરાતમાં આ દિવસે પતંગ ઉડાવી બે દિવસ તહેવાર ધુમધામથી મનાવે છે.

આ સમયે સૂર્ય પૃથ્વી આજુબાજુની પોતાની પરિભ્રમણની દિશામાં પરિવર્તન કરી થોડોક ઉત્તર દિશા તરફ ખસે છે. આમ, સૂર્ય ઉત્તર તરફ ખસતો હોવાથી આ દિવસને ઉત્તરાયણ તરીકે ઓળખવામાં આવે છે.

મોટા ભાગ ના લોકો મકરસંક્રાંતિ અને ઉત્તરાયણ એકજ દિવસે હોય તેમ માને છે. ઘણાં વર્ષ પહેલા મકરસંક્રાંતિ અને ઉત્તરાયણ એકજ સાથે થતી હતી, તેથી હાલ પણ લોકોમાં મકરસંક્રાંતિ અને ઉત્તરાયણ માટે ગેરસમજ હોઈ શકે છે.

મકર સંક્રાતિના દિવસને શુભ મુહુર્ત માનવામાં આવે છે, આથી મકર સંક્રાતિને આ શુભ સમયની શરૂઆત રૂપે ઉજવવામાં આવે છે.

મકર સંક્રાતિએ જ્ઞાનની દેવી મા સરસ્વતીની પૂજા, આદર કરવાનો પણ તહેવાર છે.

મકરસંક્રાંતિનો મહત્વપુર્ણ સમય, પરિવર્તનનો, જુનું તજી અને નવું અપનાવવાનો સમય છે. ગુજરાતમાં આ સમયે છડેલા ધાન્યની અને તલની મિઠાઈઓ, બનાવી અને દાન કરવામાં આવે છે. ગુજરાતમાં આ દિવસે ઘઉં, બાજરી કે જુવારને છડીને તેનો ખીચડો બનાવવામાં આવે છે, બહેન-દિકરી તથા અન્ય લોકોને ખીચડો આપવામાં આવે છે. આ ઉપરાંત ઘઉંની ધુધરી કરીને ગાયોને ખવડાવવામાં આવે છે.

આજનાં દિવસે ઘણી જગ્યાએ માલિક પોતાનાં નોકરોને અન્ન,વસ્ત્ર અને ધન વગેરે સામગ્રી દાન-ભેટ સ્વરૂપે આપે છે. એવી જ રીતે ખાસતો ગાયને ઘાસ ખવડાવવામાં પણ આવે છે.આ દિવસે યાત્રા-પ્રવાસ કરવો અનુચિત મનાય છે,કારણકે આ દિવસ કુટુંબ-પરિવારનાં મિલન અને પરિવાર માટે સમર્પણનો છે.આ દિવસે ગુરુજનો પોતાનાં શિષ્યોને આશિષ આપે છે.

સંચાલક :પ્રદીપ રાવલ.ગાંધીનગર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS. NO. 0097**
વિષયઃ ઉત્તરાયણ
શીર્ષકઃ લોટરી લાગી

ઉત્તરાયણ ના પર્વ ને અન્ય તહેવારોની જેમ જ આપણે ખુબ આનંદથી ઉજવીએ છીએ. કવિ,લેખકો અને અન્ય નાની મોટી કૃતિના રચનાકારો પોતાની કૃતિ દ્વારા મનુષ્ય જીવનને— પતંગ,દોરી અને ફીરકીના માધ્યમથી તત્ત્વજ્ઞાન ની દ્રષ્ટી એ સમજાવવાના અથાગ છતાં ઠાલા પ્રયત્નો કરેછે.

દરેક તહેવારની આવી ઠાલી જીવન ફિલસુફીની વાતો પચાવવી ખરેખર અઘરી લાગે છે.

હું મારી વાત કરું તો હવે મારા બદલાયેલા જીવનને એક ચોક્કસ ઢાળ આપવા પ્રયાસ કરી રહી છું. નિયતિએ નક્કી કરેલા શ્વાસ વધારી ઘટાડી શકવાની કોઈની ક્ષમતા છે જ નહીં.

દરેક તહેવારને એક નવો મોડ આપવા પ્રયત્ન કરું છું. આ વખતે દિકરી પાસે નાના બાળકો માટે પતંગની કિટ મંગાવી. દીકરી પણ ઉત્સાહ થી લઈ આવી.કિટમાં ત્રણ કલરફુલ પતંગ, સિંહનું માસક, નાની સરસ ફિરકી, ડિઝાઈનર ગોગલસ અને સરસ મજાનું નાનું વાજું.

બાળકો કિટ લઈને ખુબ આનંદમાં આવી ગયા. ખરેખર એમની એ ખુશી જોઈને,મને જાણે ખુબ મોટી રકમની લોટરી લાગી હોય એટલો આનંદ થયો.

આપણે ઉતરાણ માં ઝોલીદાન અને બ્રાહ્મણ ને પણ દાન કરીએ છીએ. પણ આ રીતે બાળકોને ગમતી
વસ્તુ બાળકોને આપીને, આપણે પતંગ ચગાવ્યાનો અને ઉત્સવ ઉજવણીનો સંતોષ જરુર માણી શકીએ.

ઉંમર અને બદલાયેલા જીવનને સ્વીકારીને જીવનને ઢાળ આપીને,મનની જુવાની અને તંદુરસતી જાળવી રાખવી જોઈએ.

વર્ષાબેન દેસાઈ.એડવોકેટ.વડોદરા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No - 106**
**NOG**-સાહિત્ય સરિતા-ગ્રુપ
પ્રકારઃ-ગદ્ય
શબ્દઃ-૩૧૦
વિષયઃ"ઉત્તરાયણ, મકરસંક્રાંતિ,પતંગ દોરીની આત્મકથા"
શીર્ષક-
"કમાન જિંદગીની"

★★★★★★★★★
મુક્તિદા કુમાર
'રુપલી'
★★★★★★★★★

"ઉત્તારાયણ થયા, ઉત્તારે રવિ વળ્યા! ભાનુના ભર્ગની વાગી ઘડીઓ.."

ઉત્તરાયણ વિષે વાત કરવી હોય તો,
તળપદી "અમદાવાદી બોલી"માં જ વાત કરવાની મજા આવે!..
"આયે એઈલા"!એ ધાબે ચલને લ્યા.".

એ...ને ..સવારથી સાંજ સુધી,આનંદ અને ઉત્સાહની ચીચીયારીઓ.ઉત્સાહમાં એવા તો ઘેલા થઈ જાય લોકો કે ભાન ભૂલી જાય, ક્યાં ઊભા છે? કેવી રીતે ઊભા છે!.? વાંદરાઓની જેમ એક છાપરેથી બીજા છાપરે કૂદાકૂદ!જાણે લૂંટાઈ જતા હોય તેમ એકએકપતંગમાટે..બૂમરાણ,ધમપછાડા. આજથી સૂરજ દેવતા પોતાનો પરચો બતાવવાનું શરૂ કરી દે છે.ગરમી શરૂ થઈ જાય,એટલે માથામાં ટોપલા,આંખે ગોગલ્સ. ધાબે તો ઠંડા પહોરે પહોંચી ગયા હોય,પણ બપોર પડતાં આકાશમાં ચગતાં,પતંગ!?! -દેવારે!દેવા!!આખું આકાશ ભરચક્ક થઈ ગયું. હોય.આકાશમાં એવું લાગે પતંગનું લશ્કર આપણા ઉપર ક્યાંથી ચઢાઈ કરવા આવી પૂગ્યું છે?!!"કા..ઈ પો છે"ની ચીચીયારીઓ સંભળાય ત્યારે તો એમજ થાય કે ચોક્કસ કોઈ કપાઈ ગયું.! સમાજ,સાહિત્ય,ઈતિહાસ,ભૂગોળ કે ધર્મ,બધાને સંક્રાંતિ લાગુ પડે છે. કોઈ પણ ધર્મ કે પ્રાંતના સીમાડાઓનું બંધન આ તહેવાર ને નથી.સૌ આ ઉત્સવ બહુજ આનંદથી ઉજવે છે. "સંક્રાંતિ"એટલે એક માંથી બીજામાં જવું. મકરસંક્રાંતિના દિવસે સૂરજ,ધન રાશિમાંથી મકર રાશિમાં પ્રવેશ કરે.ઉત્તરાયણથી સૂરજના કિરણો સ્વાસ્થ્ય અને શાંતિ વધારે છે.

ભીષ્મ પિતામહનો દેહત્યાગ, દેવવ્રત(ભીષ્મપિતામહ)નાંમા ગંગાજી,

ભગીરથ પાછળ જઈને, કપિલ મુનિના આશ્રમ સુધી પહોંચ્યાં હતાં.!!

ઉત્તરાયણ વિષે ખૂબ વાતો પ્રચલિત છે.
જે હોય તે.

આ ઉત્સવ લોકોના મન મેળવે છે. આ ઉત્તરાયણ મને તો એટલે જ યાદ છે!મારા પતિએ મને,ફિરકી હાથમાં લઈ,પતંગ ચગાવતાં,આકાશમાં બીજાની પતંગો સાથે પેચ લડાવતાં,

બીજાંની પતંગ કાપી બાળકની જેમ ચિલ્લાતાં ખુશી અનુભવતાં જોઈ!..પછી..પતંગ ચગાવી ઘરમાં ગઈ,તો એ સામે જ ઓસરીમાં બેઠા-બેઠા મારી સામે મરક-મરક મલકી રહયા! હું ઓળખતી જ નહોતી,આ કોણ છે!!? એટલે આભી જ બની ગઈ.!

મમ્મી એ કહ્યું.. "તને જોવા આવ્યા છે! એમને તું ગમી ગઈ છો!! મને મનમાં થયુંપુછતા નહી હૈ ગાજતા નહી હૈ. ઔર સિધા જ ગરમે ગુસ જાતા હૈ

મારી તો જીભ જ સીવાઈ ગઈ!

એ સાંજે અમારી સગાઈ નક્કી થઈ.

એ સાંજે,મને ગામના તળાવ કિનારે ફરવા લઈ ગયા.અંધારું થવા આવ્યું હતું,અમારા બંનેની નજર ઊંચે આકાશમાં ઊડતાં ફાનસ ઉપર હતી!

પહેલી વાર,મારા હાથ હાથમાં લેતાં,એમનું વાક્ય હતું,."તેં પતંગો કાપ્યાં હશે, આ દોરીનો માંજો અને પતંગની કમાન એવાં છે,એ તને મને,તૂટવા જ નહિ દે!

ઊંચે આકાશમાં ફાનસ ઊડે છે ને? તેનાથી વધારે તેજસ્વી-ચમકદાર આપણી જિંદગી થશે".

અને હું , અનુભવી રહી છું.

મુક્તિદા કુમાર
'રુપલી'
મુંબઈ-મહારાષ્ટ્ર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**[NOG SS No/0044**
વિષયઃ- પતંગોત્સવ
પ્રકારઃ- ગદ્ય
શીર્ષકઃ- પત્ર
શબ્દોઃ- ૧૦૦
રવાનાઃ-પંખી સમુદાય
અત્ર તત્ર સર્વત્ર.
તારીખઃ- ૧૪/૧/૨૦૨૩
આદરણીય પવનદેવતા,
ગગને વિહરતા પંખીઓના નમસ્કાર.

આપનો દિલથી આભાર. આપે અમારી વિનંતી સ્વીકારી આજે સવારમાં આરામ ફરમાવ્યો જેને કારણે અમે અમારાં અને અમારાં પરિવાર માટે ખોરાકની શોધમાં બહાર નીકળી શક્યા દોરીની અડફેટે આવ્યા વગર.

તમારી પધરામણી થોડી મોડી થઈ છતાં પણ ધરાવાસીઓએ કાયપો કાયપો ના અવાજથી ધરા ગુંજવી અને પતંગ ઉડાડવાની મજા માણી એનો અમને પણ આનંદ. આમ માનવીનો પતંગ ઉડાવવાનો શોખ પણ પૂરો થયો અને અમે પણ સલામત રહી શકયા. અમ અબોલ પંખીઓ ની વાત મંજૂર રાખી એ માટે દિલથી આભાર.

લિ. પંખીઓનાં પ્રણામ.
વિભૂતિ દેસાઈ ઘાસવાલા બીલીમોરા.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 0050**
વિષય - ઉત્તરાયણ.
પ્રકાર -પદ્ય મૌલિક
શીર્ષક - ઉડાવું પતંગ

..................................

પેલી ઉદાસીનીને બાયબાય, ખુશીની લહેર મુખ પર હસું હસું લાવે....!
કાના સંગ રાધા ખેલે નયનોની પતંગબાજી કેવી..?
પવન પાતળો કાગળ પર રેશમની દોરી ન્યારી..!
પવન ટપલી ખાઈ પહોંચાડે કાના પાસે કેવી..?
ચાલને સખી પ્યારી સંગ, મારાં ઉરનો પતંગ ખેલે..!
ક્યાંક હૈયાનાં તાર જોડાયાં પ્રેમનાં આજ..!
પેચ લાગે છે ક્યાંક કોઈ આંખનાં ઉરે કેવી...?
મારાં ઉરનો પતંગ ઉડે નભ ગગનમાં જઈને..!
જાણે પહેરી નવરંગી ચૂંદડી જોને..!
હવામાં લઉં ઠુમકા ઠુમક ઠુમક..!
બીજી પતંગો સાથે પ્રેમ થતોને,
પ્રેમે દિલથી વિટાળતો..! પટ્ટાદાર, જાનદાર, આકર્ષણ ચોકડી વાળી પતંગો ,
કાગળ પર જાણે માયાનાં મોહપાસ..!
કોઈ ખેંચી કાપે, કોઈ ઢીલ છોડે ,કોઈ કપાતું આપોઆપ, કોઈ પટકાતું કેવું ધરા પર..! સતત ઉપર ગગને ના રહે તો કદી...!
ઉંચે ગગને ના રહે તો કદી..!
ચંદ મિનિટો ગગનની મજા માણી..!
લિવ લાઈફ, કાઈટ લાઈક..! થોડાં સમયનો સ્વાદ માણી લીધો..!
યૌવનનાં પવનમાં ઉડશો તો ,
કદી ચાખી ના હોય એવી લિજ્જતઓનો સ્વાદ માણવા મળશે..!
પ્લાસ્ટિકની કે ધારદાર દોરીથી ઈશ્વરે ચગાવેલા પંખીડાનાં પતંગોને કાપવાનો હક કોઈને નથી..!
જેમ કાના સંગ રાધા ઉડાવે પ્રેમની પતંગ...!
એમ મનુષ્યનાં ઉમળકાનો કેવો ખેલ...?
મોહ,માયા, ક્રોધના આજે કાપવા છે પતંગને..!
પ્રેમની પતંગ ઉડાવીને ઓચ્છવ આનંદોલ્લાસ કરવી છે પતંગ સંગ...!

રાગીની શુક્લ "રાગ"
મુંબઈ, કાંદિવલી

# કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે સ્કાઉટ એન્ડ ગાઈડ્સના નિવાસી તાલીમ ભવનનું લોકાર્પણ










અમદાવાદ ,

અમદાવાદ સ્કાઉટ એન્ડ ગાઈડ્સના નિવાસી તાલીમ ભવનનું લોકાર્પણ કર્યા બાદ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે પોતાના સંબોધનમાં જણાવ્યું કે, કોઈપણ દેશને મહાન બનાવવો હોય તો દેશના નાગરિકોએ મહાન બનવું પડે, અને તે માટે નાગરિકોમાં સેવા, સમર્પણ અને શિસ્તના ભાવનું સિંચન ખૂબ જ જરૂરી છે, રાષ્ટ્રભક્તિ ભક્તિનું સિંચન પણ જરૂરી છે. સ્કાઉટ એન્ડ ગાઈડ્સ એક વૈશ્વિક આંદોલન છે, જે નાના ભૂલકાંઓ, બાળકો, વિદ્યાર્થીઓ અને યુવાનોના જીવનમાં આવા આદર્શો પ્રસ્થાપિત કરવાનું કામ કરે છે.અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં બનેલું આ સ્કાઉટ એન્ડ ગાઈડનું નિવાસી તાલીમ ભવન કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીની સંસદ સભ્યની ગ્રાન્ટની સહાયથી બનાવવામાં આવ્યું છે. કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ સ્કાઉટ એન્ડ ગાઈડ્સ ગુજરાત પ્રદેશના પ્રમુખ અને રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ તથા ગુજરાતના શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોરની ઉપસ્થિતિમાં આ ભવનનું લોકાર્પણ કર્યું હતું.આ સંદર્ભે ગૃહ મંત્રીશ્રીએ કહ્યું કે, ગ્રાન્ટ કોઈ સંસદ સભ્યની નહીં પરંતું દેશની-દેશવાસીઓની હોય છે, સંસદ સભ્ય તેને લાભાર્થી સુધી પહોંચાડવાનું માધ્યમ માત્ર છે. સ્કાઉટ એન્ડ ગાઈડ્સ બાળકો, યુવાનોને આદર્શ અને સર્વગુણ સમ્પન્ન નાગરિકમાં તબદિલ કરવાનું કામ કરે છે. સ્કાઉટ એન્ડ ગાઈડની આવી આદર્શ પ્રવૃત્તિઓને અનુમોદન આપવા માટે અમે સૌ અહીં આવ્યા છીએ, એવું તેમણે ઉમેર્યું હતું.કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, દેશનાં બાળકો યુવાનોને ભારતની આઝાદીના લડવૈયાઓના બલિદાનથી અવગત કરાવવા, ૭૫ વર્ષમાં ભારતે જે ઉપલબ્ધિઓ મેળવી તેનું યશોગાન કરવું અને આવનારાં ૨૫ વર્ષ સુધીમાં દરેક ક્ષેત્રે ભારત સર્વપ્રથમ હોય તે સુનિશ્ચિત કરવું. આવા મુખ્ય ત્રણ ઉદ્દેશ્યો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીના અમૃત મહોત્સવે આપ્યા છે.આઝાદીના ૭૫ વર્ષોમાં દેશના દરેક નાગરિક સુધી લોકતંત્રનાં મૂલ્યો પ્રસરાવવાનું ભગીરથ કાર્ય કરનારો એકમાત્ર દેશ ભારત છે. વિશ્વની સૌથી મોટી લોકશાહી પણ ભારત છે, હવે આપણે અમૃતકાતળમાં દેશની પ્રગતિ અને ઉન્નતિ માટે કર્તવ્યરત બનવાનું છે. તેમણે વધુમાં જણાવ્યું કે, અમૃતકાળમાં ભારતને એક વિકસિત અને મહાન રાષ્ટ્ર બનાવવાની જવાબદારી અને બનતું જોવાનું સૌભાગ્ય અહીં બેઠેલા બાળકો -યુવાનોને માથે છે. દેશનો દરેક નાગરિક એક સંકલ્પ કરે તો સમગ્ર દેશ ૧૩૦ કરોડ સંકલ્પ પૂરા કરશે. એક નાનકડો સંકલ્પ પણ વ્યક્તિનું જીવન બદલી નાખતો હોય છે.

કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ સ્કાઉટ એન્ડ ગાઈડની પ્રવૃત્તિઓને બિરદાવતા કહ્યું કે, કોરોના કાળમાં સ્કાઉટ એન્ડ ગાઈડના યુવાનોએ લોકોની સેવા અને સુશ્રૃષા કરવામાં અગ્રીમ ભૂમિકા ભજવી છે. ભારત સરકારે ડિઝાસ્ટર મેનેજમેન્ટ વખતે સ્કાઉટ ગાઈડના સભ્યોને આપદા મિત્ર તરીકે બચાવ અને રાહત કામગીરીમાં જોડવાની પહેલ કરી છે, જેનો ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે.આ તકે સ્વાગત ઉદબોધન કરતા ગુજરાત સ્કાઉટ ગાઈડ્સ સંઘના પ્રમુખ શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, બાળકો-યુવાનોને રાષ્ટ્રભાવના, સેવાભાવના અને પ્રામાણિકતાનું સિંચન કરવા ૧૯૬૦થી ગુજરાતમાં સ્કાઉટ ગાઈડ કાર્યરત છે. વર્ષોથી માતાપિતા તેમનાં સંતાનોને ઉત્સાહભેર સ્કાઉટગાઈડમાં જોડે છે. તેમણે કહ્યું કે, મુખ્ય મથક અમદાવાદમાં તાલીમભવન અને નિવાસ ભવનની જરૂરિયાત હતી. બે વર્ષ પહેલાં સાંસદ શ્રી અમિતભાઈ શાહ સમક્ષ પ્રસ્તાવ મૂક્યો હતો.

માર્ગ અને મકાન વિભાગ તથા અમદાવાદ મહાનગરપાલિકાના સહયોગથી આ તાલીમ ભવન અને ગેસ્ટ હાઉસ નિર્મિત કરાયું.

અને આજે તેનું લોકાર્પણ થવું ખૂબ મોટા આનંદની વાત છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જગાવેલી સ્વચ્છતા અને શિક્ષણકાર્યની જ્યોતમાં સ્કાઉટ ગાઈડ્સ યથાશક્તિ સહયોગ આપતા આવ્યા છે અને ભવિષ્યમાં પણ આપતા રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આજના અવસરે મહેસાણાના સાંસદ શ્રીમતી શારદાબેન પટેલ, ધારાસભ્યશ્રી બાબુભાઈ જ. પટેલ, અમિત ઠાકર અને શ્રી હર્ષદ પટેલ, મેયર શ્રી કિરીટભાઈ પરમાર, ડેપ્યૂટી મેયર શ્રી ગીતાબેન પટેલ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી હિતેશભાઈ બારોટ, મનપા શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી સુજય મહેતા સહિત ભારત અને ગુજરાત સ્કાઉટ ગાઈડ્સ સંઘના હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં સ્કાઉટ્સ અને ગાઈડ્સ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરમાં ૨૨થી ૨૪ જાન્યુઆરી, ૨૦૨૩ દરમિયાન બી-૨૦ ઇન્સેપ્શનની બેઠક યોજાશે

**કેન્દ્રીય મંત્રી શ્રી પીયૂષ ગોયલ, શ્રી અશ્વિની વૈષ્ણવ, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને જી૨૦ માટે ભારતના શેરપા શ્રી અમિતાભ કાંત ૨૩ જાન્યુઆરીએ ઉદ્‌ઘાટન સત્રમાં ઉપસ્થિત રહેશે**

ગાંધીનગર, ૧૫ જાન્યુઆરીઃ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરદર્શી નેતૃત્વમાં ભારતે જી૨૦ની અધ્યક્ષતા પ્રાપ્ત કરી છે અને તમામની સુખાકારી માટે વ્યવહારિક વૈશ્વિક ઉકેલો શોધીને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા માંગે છે.

ભારત માટે જી૨૦ની અધ્યક્ષતા દેશના ઈતિહાસમાં નિર્ણાયક બાબત છે, કારણકે તે આઝાદી કા અમૃત મહોત્સવ સાથે એકરૂપ થશે. ૧૮મી જી-૨૦ સમિટ સપ્ટેમ્બર ૨૦૨૩માં આયોજિત થશે.

ગુજરાત શ્રેણીબદ્ધ ચર્ચાઓ, વિચાર-વિમર્શ અને બેઠકોના આયોજન સાથે આ ઐતિહાસિક ઘટનામાં પોતાની ભૂમિકા ભજવવા માટે સજ્જ છે. ગુજરાતમાં યોજાનારી ૧૫ બેઠકોમાંથી પ્રથમ બેઠક બિઝનેસ ૨૦ ઈન્સેપ્શન મીટિંગ છે, જે ગાંધીનગરમાં ૨૨ થી ૨૪ જાન્યુઆરી, ૨૦૨૩ દરમિયાન યોજાશે.

બી-૨૦ ઈન્સેપ્શનના ઉદ્‌ઘાટન સમારોહમાં માનનીય કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ, કાપડ, ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી શ્રી પીયૂષ ગોયલ, માનનીય કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, કોમ્યુનિકેશન્સ અને રેલ્વે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમજ જી૨૦ માટે ભારતના શેરપા શ્રી અમિતાભ કાંત ઉપસ્થિત રહેશે. આ સાથે જ, B20 ઈન્ડિયા હેઠળ બિઝનેસ એજન્ડા પર પરિણામલક્ષી ચર્ચાઓ અને વિચાર-વિમર્શને પ્રોત્સાહિત કરવા માટે ม૨૦ના અધ્યક્ષ તેમજ ટાટા સન્સના ચેરમેન શ્રી એન. ચંદ્રશેખરન અને ૧૫૦થી વધુ પોલિસી મેકર્સ, થોટ લીડર્સ, બિઝનેસ એક્ઝિક્યુટિવ્સ, સીઇઓ, અને જી૨૦ દેશોની એન્ટરપ્રાઈઝોનું પ્રતિનિધિત્વ કરતા સિનિયર એક્ઝિક્યુટિવ્સ તેમજ સંખ્યાબંધ બહુપક્ષીય સંસ્થાઓના પ્રતિનિધિઓ પણ ઉદ્‌ઘાટન બેઠકમાં હાજરી આપશે.

ગુજરાત સરકાર જી-૨૦ પ્રતિનિધિઓ માટે રાત્રિભોજનનું આયોજન કરશે અને ત્યારબાદ દાંડી કુટીરની મુલાકાત લેશે. આ પ્રતિનિધિમંડળ મહાત્મા મંદિરના એમ્ફી થિયેટર ખાતે ગરબા અને દાંડિયાની સમૃદ્ધ સાંસ્કૃતિક પરંપરાનો પણ અનુભવ કરશે. સરકારે ગાંધીનગરના પુનિત વનમાં જી૨૦ પ્રતિનિધિઓ માટે યોગ અને આયુર્વેદ સત્રનું પણ આયોજન કર્યું છે.

આ સાથે, કાર્યક્રમના સ્થળ પર લાઈવ ક્રાફ્ટ ડેમો અને બાજરી સ્ટેશન પણ ઊભું કરવામાં આવશે. આ પ્રતિનિધિઓ ઉભરતા વૈશ્વિક ફિન-ટેક સિટી, ગિફ્ટ સિટીની પણ મુલાકાત લેશે તેમજ ગુજરાતના વારસા અને સંસ્કૃતિની ઝલક મેળવવા માટે તેઓ અડાલજની વાવની મુલાકાત લેશે અને ત્યારબાદ પુનિત વન ખાતે ઈકો ટુર કરશે.

બી-૨૦ ઈન્સેપ્શન બેઠકનો મુખ્ય કાર્યક્રમ બી-૨૦ ઈન્ડિયા સેક્રેટરિએટ દ્વારા બનાવવામાં આવ્યો છે, જે "R.A.I.S.E રિસ્પોન્સીબલ, એક્સલરેટેડ, ઈનોવેટિવ, સસ્ટેનેબલ એન્ડ ઈક્વીટેબલ બિઝનેસઃ જવાબદાર, ઝડપી, નવીન, ટકાઉ અને સમાન વ્યવસાયો'ના વિષય પર આધારિત હશે. ઈન્સેપ્શન મીટિંગ B20 ઈન્ડિયા હેઠળના તમામ ટાસ્ક ફોર્સ અને એક્શન કાઉન્સિલના પ્રમુખપદના કાર્યને ઔપચારિક રીતે શરૂ કરશે. આ મીટિંગમાં નક્કી કરેલી પ્રાથમિકતાઓ પર ચર્ચા કરવામાં આવશે, અને આ મીટિંગ લીડર્સ સમિટ પહેલા જી૨૦માં સબમિટ કરવા માટેના પોલિસી રેકમેન્ડેશન્સ ઘડવાની દિશામાં કામ શરૂ કરશે.

B20 પ્રતિનિધિઓ ક્લાઈમેટ ચેન્જ, યુદ્ધ અને મહામારીના સમયમાં સરહદ પારનો ડિજિટલ સહયોગ, સસ્ટેનેબલ અને રેઝિલિયેન્ટ વેલ્યુ ચેઈન્સ, નેટિઝન્સ વચ્ચે ઈનોવેશનનું સ્તર વધારવું, અને વિવિધ સામાજિક-આર્થિક પરિસ્થિતિઓ ધરાવતા સમુદાયોને સશક્ત બનાવવા માટે નાણાકીય સમાવેશ જેવા બહુપક્ષીય વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા અને વિચાર-વિમર્શ કરશે. વધુમાં, ટાસ્ક ફોર્સ રેઝિલિયન્ટ ગ્લોબલ ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ માટે ઈક્લુઝિવ ફ્ક્ઝ પર કામ કરશે, તેમજ કામના ભાવિ, કૌશલ્ય અને ગતિશીલતા, ડિજિટલ ટ્રાન્સફોર્મેશન અને વૈશ્વિક આર્થિક પુનઃપ્રાપ્તિ માટે ધિરાણની ચર્ચા કરશે.

સત્રોના થીમ આ પ્રમાણે છે- 'ક્લાઈમેટ એક્શનઃ એક્સિલરેટિંગ ટુવર્ડ્સ નેટ ઝીરો એનર્જી ફોર ગ્રીનર એન્ડ સસ્ટેનેબલ ફ્યુચર, રિથિંકીંગ એન્ડ રિવાઈટલાઈઝીંગ ઈનોવેશન ટુ ડ્રાઈવ , ઈક્લુઝીવ ઈમ્પેક્ટ', 'રિડિફાઈનીંગ ધ ગ્લોબલ ડિજીટલ કોઓપરેશનઃ અ કોલ ફોર એક્શન', 'બિલ્ડીંગ રેઝિલ્યન્ટ ગ્લોબલ વેલ્યૂ ચેન્સઃ એડવાન્સિંગ ઈક્લુઝન એન્ડ ઈન્ટીગ્રેશન ઓફ ઓલ' અને 'ફોસ્ટરીંગ ફાયનાન્શિયલ ઈક્લુઝન એન્ડ એમ્પાવરીંગ સોસાઈટીઝ'.

# વડતાલમાં ગૌશાળામાં સંક્રાન્તીના પૂણ્યકાળે સંતો - ભક્તો દ્વારા ગૌપૂજન અને મંદિરમાં બોર ઉત્સવ ઉજવાયો

વડતાલ,તા.૧૫

વડતાલ મંદિર દ્વારા સંક્રાંતિના પુણ્યકાળમા સવારે ગોમતી તીરે આવેલ નૂતન ગૌશાળા ખાતે સવારે ૯થી ૧૦ સુધી મહેન્દ્રભાઈ નિલગિરિ વાળા - શ્રીવલ્લભ સ્વામીના યજમાનપદે ગૌપૂજન સંપન્ન થયું . આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજના રૂડા આશીર્વાદ સાથે વડતાલ પરિસર આધ્યાત્મિક કાર્યોની સાથે સાથે વિવિધ સેવાપ્રવૃત્તિઓથી ધમધમતું રહેશે . આજે વડતાલ મંદિરનું યુવા ગ્રુપ ઉત્સવો અને રજાઓ સેવામાં વિતાવે છે.









તાજેતરમાં કડકડતી ઠંડીમાં મધ્યરાત્રીએ ફૂટપાથ અને સ્ટેશનો પર સૂતા લોકોને ધાબળા વિતરણ કરવામાં આવ્યું હતું અને ગોકુલધામ નારથી શુકદેવ સ્વામી દ્વારા એક લાખ પચાસ હજાર પતંગોનું વિતરણ કરવામાં આવ્યું હતું , આ સેવાઓથી યુવકોનું ઘડતર થાય છે, એમ ડો સંત સ્વામીએ જણાવ્યું હતું .

આજ રોજ ડો સંત સ્વામી , શ્યામ સ્વામી , પવિત્ર સ્વામી વગેરે સંતો અને યજમાનોએ ગાયોને લાડું અને ઘૂઘરી અર્પણ કરીને પૂજા કરી હતી. સાથે અનેક સંતો અને ભગવતીભાઈ મુખી મેતપુર પરિવાર પણ જોડાયા હતો. પૂજાવિધિ મંદિરના પુરોહિત ધીરેન ભટ્ટ દ્વારા કરવામાં આવેલ.

સવારે ૧૦-૩૦થી ૬-૦૦ સુધી દેવોને સવાસો મણ બોરના અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો . જેમાં ખેડા જીલ્લાના વરસોલા ગામના ખેડુત નિમેષ જયંતીભાઈ પટેલ, જયેશ દાદુભાઈ પટેલ પરિવારે પોતાની વાડીના બોર અર્પણ કર્યા હતા . ઉત્તરાયણનો ઉત્સવ હોવા છતા આજ રોજ ૨૫ હજાર જેટલા ભક્તોએ દર્શનનો લાભ લીધો હતો અને આ પ્રસાદીના બોર મંદિર પરિસર અને આસપાસની શાળાઓ અને દિવ્યાંગજનોને પહોંચાડવામાં આવશે.

વડતાલધામની યુવા સેવક ટીમ આ કાર્ય કરીને ઉત્તરાયણનો આનંદ માણશે. આ સમગ્ર વ્યવસ્થા શ્યામવલ્લભ સ્વામીએ સંભાળી હતી.



**મકરસક્રાંતિના પવિત્ર દિવસે કોઈ યુવાનનેપતંગ ચગાવવાની ઈચ્છા ન થાય ? પરંતુ મહાદેવ નગર વસ્ત્રાલ વિસ્તારમાં નવ- યુવાનો દ્વારા ઉત્તરાયણના દિવસે ૧૪ વર્ષથી સુરેલીયારોડ અમરાઈવાડી ના વિસ્તારમાં શ્રી સીતારામ વસુંધરા રામ ધુન મંડળ મહાદેવ નગર વસ્ત્રાલ નવ- યુવાનો દ્વારા પ્રભાતફેરી નું આયોજન કરવામાં આવે છે આ વર્ષે પ્રભાત ફેરી માં ૩00000 (ત્રણ લાખ) રૂપિયા અને ૧૦૦ (સો) મણ અનાજ એકત્ર કરવામાં આવેલ છે અને આ અનાજ અમદાવાદની આસપાસના વિસ્તારમાં ૧૭ જેટલા આશ્રમમાં દાણા મોકલવામાં આવે છે અને વર્ષમાં ત્રણ વખત જૂનાગઢનાં ગીરનારના જંગલમાં યુવાનો રૂબરૂ પોતાના સ્વખર્ચે જઈને દાણા પહોંચાડવામાં આવે છે ક્યાંય પણ રોકડ રકમ આપવામાં આવતી નથી ... જય સીયારામ**

# લોધીકા તાલુકા ફાર્મર્સ પ્રોડ્યુસર કંપની લિમિટેડની પ્રથમ વાર્ષિક સાધારણ સભા અને શેર સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેતા ડો.વલ્લભભાઈ કથીરિયા





ભારત સરકારના કૃષિ અને પશુપાલન વિભાગ દ્વારા ખેતીને પ્રોત્સાહન આપવા માટે FPO યોજના હેઠળ લોધીકા તાલુકા ફાર્મર્સ પ્રોડ્યુસર કંપની લિમિટેડ નવા FPOની રચના કરવામાં આવી. કંપનીની પ્રથમ વાર્ષિક સાધારણ સભા અને શેર સર્ટિફિકેટ વિતરણ કાર્યક્રમમાં ડો. વલ્લભભાઈ કથીરિયા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં લોધીકા તાલુકાના ૫૦૦ થી વધુ ખેડૂત ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

FPO દ્વારા ઓછી કિંમતે ખેતી માટેના જરૂરી ઓજારો ઉપલબ્ધ બને, ખાતર, જંતુનાશક દવાઓ ઓછા ખર્ચે ઉપલબ્ધ મળે, અને પાકનું ઉત્પાદન થયા પછી તેની સારી કિંમત મળે, તેવા હેતુ સાથે આ FPO કાર્યરત છે. ડો.કથીરિયાએ FPO સૂચારુ રીતે ચલાવવા અને પ્રોગેસ કરવા ખેડૂતોના હિતમાં જણાવ્યુ કે ખેડૂતોને FPO દ્વારા સરકારી ગ્રાન્ટ, સબસિડી, સરકારી યોજનાઓનો લાભ મળે અને ખેડૂતોની આવક બમણી થાય તેવા પ્રયત્નો આ FPO દ્વારા કરવામાં આવે. ખેડૂતોને સમૃદ્ધ બનાવવા અને જમીનને ઝેર વિહોણી કરવા માટે સજીવ ખેતીમાં વધારો કરવા ખેડૂતોને આગ્રહ કર્યો તેમજ ઘેર ઘેર ભારતીય કુળની દેશી ગાયો પાળવનાઓ પણ આગ્રહ કરવામાં આવ્યો.

જેથી સ્વસ્થ સમાજ બની શકે. અંતમાં ડો.કથીરિયાએ FPO ના આયોજક શ્રી કૃષ્ણરાજ સિંહ જાડેજા અને ભરતભાઈ ભૂવાની ટીમને અભિનંદન અને અંત : કરણથી શુભેચ્છાઓ પાઠવી હતી.

આ કાર્યક્રમમાં ખેતીવાડી, બાગાયત , નાબાર્ડ તથા જિલ્લાના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહી ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK